મુક્તિ માર્ગના

નાના-મોટા સહુ સાધકોના જીવનમાં

પ્રકાશ પાથરતું

# મુક્તિ કૃપા

વર્ષ ૩૧

અંક ૦૧

સપ્ટેમ્બર ૨૦૨૨

**દિવ્ય કૃપા :**
સ્વ. પ.પૂ. અચલગચ્છાધિપતિ આ.દે.
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. તથા
નવકારમંત્રના આરાધક બા.બ્ર.પ.પૂ.સા.

# મુક્તિ કૃપા

સળંગ અંક ૧૨૧

વર્ષ ૩૧ — અંક ૧



**શ્રી મુક્તિશ્રીજી મ.સા.**

**શુભાશિષ :**
વર્તમાન અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન
પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
**પ્રેરણા – માર્ગદર્શન :**



**પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.**

**પ્રકાશક :**
શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ-હુબલી
**મેનેજીંગ ટ્રસ્ટી :**
શ્રી પ્રજેશભાઈ વિરચંદભાઈ નારાણજી



**સંસ્થાપક :**
સ્વ. વિરચંદભાઈ નારાણજી કાનજી

**આદ્ય સંપાદિકા :**
સ્વ. ઈન્દિરાબેન જયંતીલાલ વિકમશી
B.com(Hons.) FGA (Lon) F.F.I.S.E.M.
**માનદ્ સંપાદિકા :**
શિલ્પાબેન અજાણી
(B.com, D.G., F.G.A. (Lon), F.F.I.G.)

## વિષયાનુક્રમ

૧. અર્હતની આંગળીયે...શિલ્પાબેન અજાણી.૦૧
૨. પ્રભંજના..............................૦૪
૩. ધર્મના પ્રકાર..........................૦૭
૪. ગુરૂપદ મહિમા........................૧૧
૩. જયલક્ષ્મી બાગ.......................૧૪
૪. પુંડરીકગિરિ...........................૧૬
૪. શોધીલે જીવનનો સાર..................૧૭
૫. CHILDREN'S CORNER.............૨૧
૬. જ્ઞાન સુધારસ પીજે......................૨૪
૮. ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા...................૨૭



**પ્રેરણા – માર્ગદર્શન**
ખાનદેશરત્ના પ.પૂ. ડૉ. સાધ્વી
શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.
સંકલન –
સા. શ્રી હિમાંશુશ્રીજી મ.સા.

### અગત્યની સુચના :
### સહુ વાંચકો માટે : સહુ લેખકો માટે

જય જિનેન્દ્ર સહ સહુ વાંચકોને જણાવવાનું કે તમને તમારી કોઇ પણ કૃતિઓ ''મુક્તિ કૃપા''માં છપાવવી હોય તો તે કૃતિઓ સીધી પ્રેસ ઉપર મોકલવી નહીં. પ્રેસ ઉપર મોકલવામાં આવતી કોઇ કૃતિનો સમાવેશ મુક્તિ-કૃપામાં કરવામાં આવશે નહીં. તમારે તમારી કૃતિઓ ''મુક્તિ-કૃપા'' ના હુબલી સ્થિત મુખ્ય કાર્યાલયમાં નીચેના સરનામે મોકલવાની રહેશે. તમારી કૃતિઓ યોગ્ય લાગશે તો જ ''મુક્તિ-કૃપા''માં છાપવામાં આવશે. ન છપાયેલ કૃતિઓ પાછી મોકલવામાં આવશે નહીં.

લિ. શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ

**NARANJI KANJI CHARITABLE TRUST,**
2ND FLOOR, BUILDING NO 2,
ENKAY COMPLEX, KESHWAPUR,
**HUBBALLI - 5800 23.**
(KARNATAKA STATE) Mo. 9448350125

# શ્રુત રત્ન

૧. નરશી જેઠાભાઈ દંડ — વરાડીયા- મલકાપુર
૨. વીરચંદ નારાણજી કાનજી — નલીયા-હુબલી
૩. સ્વ. માતાજી નેણબાઈ ઉંમરશી માલશીના
 સ્મરણાર્થે હઃ રવિન્દ્ર નરશી લોડાયા — નલીયા
૪. ગોવિંદજી લખમશી લોડાયા — સુથરી
૫. ટોકરશી દામજી ધરમશી — જસાપર
૬. શ્રી પારોલા ક.દ.ઓ. જૈન મહાજન — પારોલા
૭. સોમચંદ ભાણજી લાલકા — વારાપધર
૮. ચાંપશી માણેકજી લોડાયા — સાંધવ
૯. ચીમનલાલ નરશી પાસુભાઈ છેડા
 હ : પુષ્પાબાઈ ચીમનલાલ છેડા — કોડાય
૧૦. મનોહર ટી. છાબરીયા — મુલુંડ
૧૧. કેકીન દીનેશ દંડ — મુલુંડ
૧૨. માણેકજી કુંવરજી નાગડાના સ્મરણાર્થે
 હ : પ્રતાપ માણેકજી શાહ — હુબલી
૧૩. ઉમરશી માલશી લોડાયાના સ્મરણાર્થે
 હઃ શા પ્રફુલ નરશી લોડાયા — નલીયા
૧૪. ઝવેરચંદ ખીમજી મોમાયા — ડુમરા
૧૫. લક્ષ્મીચંદ કેશવજી માંડણ — વારાપધર
૧૬. માતુશ્રી નવલબાઈ નરશી સોની — સુથરી
૧૭. હેમલતાબેન વસંતકુમાર વિકમશી — દાદર
૧૮. શાહ ગોવીંદજી શીવજી લોડાયા પરિવાર ઘાટકોપર
૧૯. શ્રીમતી જ્યોતિ ચિમનલાલ ખોના — સાયન
૨૦. સ્વ. માણેકજી નરશી લોડાયા
 (ઉર્ફે બાબુભાઈ શેઠ ગુંદરવાળા)
 ધનલક્ષ્મીબેન ધનરાજ કુરવા હાલ — કેનેડા
૨૧. શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન મંદિર અને
 શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક જૈન શ્વે. સંઘ — માટુંગા
૨૨. શ્રીમતી રમીલાબેન મણીલાલ ભટારા (મોમાયા)
 નલિયા-ઘાટકોપર
૨૩. શ્રી બાબુભાઈ એમ. છેડા — માટુંગા-મુંબઈ
૨૪. શ્રી દેવલાલી જૈન શ્વેતામ્બર તીર્થ ટ્રસ્ટ
 દેવલાલી (કેમ્પ)
૨૫. શ્રીમતી વાસંતીબેન નરેન્દ્ર શાહ — દેવલાલી
૨૬. શ્રીમતી ઇંદીરાબેન જયંતિલાલ વીકમશી — મુંબઈ
૨૭. પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના
 સ્મૃતિ અર્થે શ્રી કચ્છી હીતવર્ધક
 ગૃહ ઉદ્યોગ કેન્દ્ર — હુબલી
૨૮. બેન નવલબાઈ હંસરાજ લોડાયા
 હઃ જયાબાઈ ગુલાબચંદ ડાઘા — પારોલા
૨૯. બાઈ લક્ષ્મીબાઈ દામજી પોલડીયા — ફૈજપુર
૩૦. ચિ. દલેશભાઈ તથા નિલમબેનના વર્ષીતપ
 અનુમોદનાર્થે શ્રીમતી જયાબાઈ ઝવેરચંદ
 મોમાયા સાહેરા — ચાલીસગાંવ
૩૧. ચિ. પલ્લવી વીરચંદ શાહ
 હઃ સૌ. વિમલા (કસ્તુરી) વીરચંદ શિયાળ — નાંદેડ
૩૨. શ્રીમતી મધુરીબાઈ નવીનચંદ સોનાવાલા — બેંગલોર
૩૩. શ્રીમતી ગુણવંતીબેન રતિલાલ શાહ — બુ-હાનપુર
૩૪. માતુશ્રી દેવકુંવરબેન મેઘજી વેલજી ધરમશી
 હઃ ડો. ઉર્વશી, પ્રિયવંદા, તક્ષશિલા અને વિધાતા –ગોરખડી
૩૫. માતુશ્રી માનબાઈ માલશી કલ્યાણજી મોતા – કુવાપધર
 હાલ કલકત્તા હસ્તે કવિ પ્રેમચંદ મોતા
૩૬. શ્રી હીરાચંદ અરજણ પટેલ – બાંઢીયા – ઐરોલી
૩૭. શ્રીમતી નયના અશોક લાપશીયા – મુલુંડ
૩૮. ચિ. વિરાજની ૯૯ યાત્રા નિમિત્તે અ.સૌ. હિના ડો. રણધીર–મુલુંડ
૩૯. ભૂમિ અને ઈશા સંજય પીર – ન્યુ જર્સી
૪૦. શ્રીમતી રાજબાઈ કેશવજી મોમાયા – મુંબઈ
 હઃ સૌ. જશ્મા હીતેશ મોમાયા
૪૧. શ્રીમતી નિર્મલાબાઈ સુમતિચંદ લોડાયા– નાસિક

## જ્ઞાન દાનનો અનોખો લાભ

પરમાત્માએ જ્ઞાનની ગંગા વહેવડાવી... ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની રચના કરી આચાર્ય-ઉપાધ્યાય-સાધુ ભગવંતોએ આ વાણી આપણા સુધી પહોંચાડવા પ્રયત્ન કર્યો.. હવે અમે આ વાણીને ઘર-ઘરમાં પહોંચાડવાનો સંકલ્પ કર્યો છે. આપ સહુનો સહકાર અમારા સંકલ્પને સિદ્ધિ અપાવશે. આવો જ્ઞાન-દાનનો અનોખો લાભ લઈ મળેલી સંપત્તિને સફળ બનાવીએ.

આ યોજનામાં લાભ લેનાર ભાગ્યશાળીઓને ટ્રસ્ટમાંથી બહાર પડતું સાહિત્ય ભેટ આપવામાં આવશે.
જ્ઞાન દાનનો અનોખો લાભના યોજનાની જાણકારી માટે પ.પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા
નીચે જણાવેલ હુબલી ટ્રસ્ટનું સંપર્ક સાધવા વિનંતી.

લિ. શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ

NARANJI KANJI CHARITABLE TRUST, 2ND FLOOR, BUILDING NO 2, ENKAY COMPLEX,
KESHWAPUR, HUBBALLI - 5800 23. KARNATAKA STATE Mo. 9448350125

**અંક ન મળ્યાની ફરિયાદ :** ''મુક્તિ કૃપા'' ત્રિમાસિક અંક છે. દર વર્ષે ફેબ્રુઆરી, મે, ઓગષ્ટ, તથા નવેમ્બરની ૧૦ તારીખના નિયમિત પાલીતાણાથી પોસ્ટ કરવામાં આવે છે. તમને તા. ૨૫ સુધી અંક ન મળે તો તમારા સભ્ય ક્રમાંક સાથે પાલીતાણા ફરીયાદ કરવી. અંક શિલ્લકમાં હશે તો તમને મોકલવામાં આવશે. સભ્ય ક્રમાંક વિનાની ટપાલ ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં.
અંક ન મળ્યાની ફરીયાદ નીચેના સરનામે કરવી.
''મુક્તિ કૃપા'' અશોક પ્રિન્ટરી, દરબાર ચોક, પાલીતાણા. ૩૬૪૨૭૦. મો.૯૮૯૮૭૫૩૮૭૦.

# શ્રી શત્રુંજય એકેડમી

સંચાલિત

## શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

C/o. શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલય, સ્ટેશન રોડ, ચાલીસગામ જી. જલગામ, મહારાષ્ટ્ર- ૪૨૪ ૧૦૧.

શુભાશીર્વાદ
શાસન શિરોમણી, તપચક્રવર્તી, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
દિવ્યકૃપા
આગમ આરાધિકા બા.બ્ર.પ.પૂ.મુક્તિશ્રીજી મ.સા. તથા
શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.
પ્રેરણા માર્ગદર્શન - પ.પૂ. સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. M.Sc., Ph.D.

મળેલા માનવભવને સફળ કરવા...

મળી ગયેલા જિન શાસનને જાણવા... સમજવા...

જીવનમાં પરિવર્તન લાવી સાચા સાધુ-શ્રાવક બનવા..

સમ્યગ્જ્ઞાનના મહાસાગરમાં ડૂબકી લગાવી શ્રુતરત્નો પ્રાપ્ત કરવા..

જીવનમાં સુખ-શાંતિ અને સમાધિનો અનુભવ કરવા...

## શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમમાં

## જોડાવવા હાર્દિક આમંત્રણ

હિન્દી, ગુજરાતી તથા English ત્રણે વિભાગોમાં વર્તમાન પરિસ્થિતિના કારણે
પાંચે વર્ષમાં અભ્યાસક્રમમાં ONLINE પ્રવેશ ચાલુ છે.

વધુ વિગત માટે જુઓ www.shatrunjayacademy.com વેબસાઈટ પર

First in Gujrati... Then in Hindi

Now in English Also

જૈન સ્નાતક બનવા માટે ત્રણ વરસનો અભ્યાસક્રમ છે. પ્રત્યેક વર્ષના અભ્યાસક્રમમાં તમને કુલ ૧૦ (દસ) પાઠ મોકલવામાં આવશે. પ્રત્યેક પાઠ સાથે પ્રશ્નપત્ર રહેશે. પાઠનો અભ્યાસ કરીને પ્રશ્નપત્ર ભરીને તમને પાછો મોકલવાનો રહેશે. ૧૦ (પાઠ) પૂર્ણ થયા પછી કેન્દ્રીય પરીક્ષાનું આયોજન થશે.

વાર્ષિક પરીક્ષામાં પાસ થયા પછી પ્રથમ વર્ષના અંતે (F.Y.B.J.) તમને "સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા, બીજા વર્ષના અંતે (S.Y.B.J.) તમને 'સમ્યગ્ જ્ઞાન પરિચય', ત્રીજા વર્ષના અંતે (T.Y.B.J.) તમને 'સમ્યગ્ જ્ઞાન સ્નાતક', (B.J.)ની પદવીથી સન્માનિત કરવામાં આવશે. આગળ માસ્ટર (Master of Jainism (M.J.) અને ડોક્ટરેટ Doctor of Jainism (D.J.) ડિગ્રી પણ મેળવી શકાશે.

| સંપર્ક સૂત્ર | સંપર્ક સૂત્ર | સંપર્ક સૂત્ર |
|---|---|---|
| સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા<br>શાહ ગોવિંદજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ<br>મોંઢા રોડ, ઔરંગાબાદ-૪૩૧૦૦૧.<br>ફોન : (02848) 2336475. | SHILPA AJANI<br>MUMBAI<br>Mo. 9821113338<br>Email : shilpaajani1@gmail.com | લતાબેન વીકમશી<br>૨/૩૯ અનંતનિવાસ, ભાત બજાર,<br>મસ્જીદ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯.<br>Mo. 9323944117. |

સંપર્ક સૂત્ર - હેમલ પોલડિયા C/o. શ્રી શત્રુંજય એકેડમી, ચાલીસગામ. Mo. 8956372227

# અર્હતની આંગળીએ

જૈન પંચાંગ જે પર્વ તિથિઓથી છવાયેલું છે તેમાં કાર્તિકી પૂનમ મહત્વપૂર્ણ છે. જૈન ધર્મમાં તેનું અતિવિશેષ મહત્વ છે કારણ કે અષાઢ ચતુર્દર્શીથી શરૂ થતા ચાતુર્માસ કાર્તિકી પૂનમના રોજ સમાપ્ત થાય છે. જૈન પરંપરામાં આ શુભ દિવસ વિવિધ કારણોસર મહત્વપૂર્ણ છે:

પ્રથમ સમગ્ર ચાતુર્માસ દરમિયાન સ્થગિત રહ્યા પછી, આધ્યાત્મિક રીતે યાત્રાળુઓને ચાર્જ કરવા માટે પ્રખ્યાત, શ્રી શત્રુંજય મહાતીર્થ પાલિતાણાના શાશ્વત તીર્થની યાત્રા; કાર્તિકી પૂનમના દિવસે ફરી શરૂ થાય છે.

- આ દિવસે ભગવાન આદિનાથ ઋષભદેવના પૌત્રો દ્રવિડ અને વારિખિલે શેત્રુંજય ખાતે 10 કરોડ ઋષિઓ સાથે મોક્ષ મેળવ્યો હતો.
- આ દિવસ ત્રીજા તીર્થંકર ભગવાન સંભવનાથના જન્મકલ્યાણક (જન્મજયંતિ) તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસે બારમી સદીના મહાન જૈન સંત અને વિદ્વાન 'કલિકાલસર્વાજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનો જન્મ થયો હતો.
- તાજેતરના સમયના મહાન જૈન વિચારક, તત્વચિંતક, કવિ, અને સુધારક, યુગપુરુષ શ્રીમદ રાજચંદ્રનો જન્મ પણ કાર્તિકી પૂનમના રોજ થયો હતો.
- આ દિવસે, જૈન સાધુઓ અને સાધ્વીઓ ચાતુર્માસ પૂર્ણ થયા પછી તેમના વિહાર (પ્રવાસ) ફરી શરૂ કરે છે.

અનેક ધર્મ પ્રણાલીઓમાં મોક્ષના જે વિવિધ સાધનો વર્ણવાયા છે તેમાંનું એક મૂખ્ય સાધન વૈરાગ્ય છે. સંત કવિ કબીર વૈરાગ્ય વિશે કહે છે કે:

"बैरागी बिरकत भला, गिरही चित्त उदार ।
दुहुं चूका रीता पड़ैं , वाकूं वार न पार ॥"

અર્થાત "જેમાં સાચી ઉદાસીનતા હોય એ વૈરાગ્યવાન સારો છે, અને ગૃહસ્થ એ સારો, જેનું હૃદય ઉદાર હોય."

આવો ઉત્તમ વૈરાગ્ય વાવવા માટે, વિકસાવવા માટે અને તેની ઉત્તરોત્તર વૃદ્ધિ કરવા માટે જૈન સાધુ સાધ્વીઓ અનિવાર્યપણે 'વિહાર' કરે છે. એક જગ્યાએ રહેવાથી રાગ વધે નહીં તે માટે, તેઓ રોજ  પગપાળા યાત્રા કરે છે. 'વર્ષાયોગ', એટલે કે ચાતુર્માસ સિવાય વધુ સમયગાળા સુધી એક જગ્યાએ રહેતા નથી. તેઓ સંઘમાં જ રહે છે અને એકલા ચાલવાનું ટાળતાં હોય છે. શિયાળો હોય કે ઉનાળો, હાડ થીજવી દે તેવી ઠંડી હોય કે પછી લાહ્ય લાગી જાય તેવી લૂ

વરસતી હોય, નિરંતર અપ્રમત્તપણે વિહાર કરતાં કરતાં તેઓ આત્માના આકાશમાં ઉડવાની કળા હસ્તગત કરતા હોય છે અને અન્યોને પણ તેમ કરવાની પરોક્ષ પ્રેરણા આપતા હોય છે. અપ્રતિબદ્ધપણે મંડાતું તેમનું એક એક ડગલું જાણે પોકારી-પોકારીને કહેતું કેમ ન હોય કે:

**"Always open are**
**the doors to the sky**
**Search for wings**
**that can fly."**

આપણા સાધુ-સાધવી ભગવંતો ગામોગામ વિચરણ કરતા રહી, નદીની જેમ વહેતા રહી, તીવ્ર પરિષહો સહન કરવાં છતાં પવિત્રતા-શુદ્ધતા અકબંધ રાખતા હોય છે. કહ્યું છે ને:

"बहता पानी निर्मला, साधु तो चलता भला।"

મનમાં રત્નત્રયની ભાવના અને આચરણમાં તેનો અભ્યાસ લઇને વિહાર કરતાં-કરતાં તીર્થંકરોના જન્મ, નિષ્ક્રમણ, જ્ઞાન વગેરેના સ્થાનોનું દર્શન થવાથી તેમના સમ્યગ્દર્શનમાં પવિત્રતા આવે છે. અનેક પ્રદેશોની ભાષાઓ અને અન્ય વિષયોનું જ્ઞાન તેઓને હોય છે. અનેક ગુરુઓના ઉપદેશ સાંભળવાથી સૂત્રોના વિશેષ અર્થ અને અર્થઘટનની ઘણી પદ્ધતિઓ સમજાય છે. તેમના શુદ્ધ દર્શન અને બોહળા જ્ઞાનના આ પાસાઓનો સીધે સીધો લાભ વાટમાં આવનારા ગામ-નગરોના શ્રાવકો-ભાવિકોને તેમના મંગલ, પ્રેરણાદાયી પ્રવચનો દ્વારા મળે છે.

ખેર, ચોમાસું પૂર્ણાહુતિ ને આરે આવી ઉભેલ છે અને વિહારની પાવન પળ ફરી એકવાર સમીપ આવી રહી છે, ત્યારે ગુરુ ભગવંતોની નિશ્રામાં વીતેલા ચોમાસાની સ્મૃતિઓ, કવયિત્રી એના એખ્મેટોવાના શબ્દોમાં કહીએ તો,

**"Like a white stone at the bottom of the well,**
**One memory lies in me.**
**I cannot and I do not want to struggle,**
**It is both joy and suffering."**

સંપૂર્ણ ચાતુર્માસ દરમિયાન કંઇ કેટલાય દ્રષ્ટાંતો દ્વારા તેમણે આપણું આડકતરું માર્ગદર્શન કર્યું હશે,

કેટલાંય સૂત્રોના ટાંકણા કરી- કરી આપણા મનમાં પ્રેરણાનું સિંચન કર્યું હશે, કેટલીય આજ્ઞાઓ દ્વારા હચમચાવી ને આપણને કર્તવ્યના રાહ પર ઊભા કર્યા હશે જેની મંઝિલ આવી હોય:

**"Unwoven realm, not far, not near,**
**Nor in between, not dark not clear,**
**Not insubstantial, solid nay,**
**Not words nor silence, night nor day,**
**Revealed not, it is not hidden,**
**None may enter, none forbidden."**

પોતાના ઉપદેશ અને આશિષ વડે તેમણે આપણા ઉપર કરેલ અનંત ઉપકારનો, આપણે તો ફક્ત નતમસ્તક થઇ ઋણ સ્વીકાર જ કરી શકીએ છીએ કારણ કે,

**"Even**
**After**

All this time

The Sun never says to the Earth,

"You owe me."

Look

What happens

With a love like that,

It lights the whole sky."

માટે જ તેમના કહ્યાને ફક્ત આંખ-માથા પર ન ચડાવી રાખતાં, તેને પ્રામાણિકતાપૂર્વક, રોજબરોજના જીવનમાં પળ-પળ ઉતારતા રહેવાની કેવળ પ્રતિજ્ઞા જ નહીં પણ પુરુષાર્થ પણ કરતા રહીએ તો જ આપણું ચોમાસુ સફળ કહેવાશે.

તે અનંત ઉપકારી ગુરુ ભગવંતો નો આગામી વિહાર નિર્વિઘ્ને સંપન્ન થાય એ જ શુભકામનાઓ સહિત, કોટીશ: વંદન

શાસનની શાક્ષીએ
ત્રિયોગે મિચ્છામી દુક્કડમ
**શિલ્પા અજાણી**
20/10/2022

# પ્રભંજના

ચંદ્રાકાંત નગરી....

આજે અતિ રમણીય લાગે છે...

ધ્વજા... પતાકા દ્વારા સુંદર રીતે શણગારવામાં આવી છે...

નગરજનોમાં અનોખો આનંદ-ઉલ્લાસ વર્તી રહ્યો છે....

રાજમહેલની સામે સુંદર સામિયાણો બાંધવમાં આવ્યો હતો... એમાં રાધાવેધ માટેની ગોઠવણ બરાબર મધ્યભાગમાં કરવામાં આવી હતી... આવેલા અતિથીઓ માટે સુંદર આસનો ગોઠવવામાં આવ્યા હતા... પ્રજાજનો માટે આકર્ષક ગાલીચાઓ પાથરવામાં આવ્યા હતા... દરવાજાની સામે રાજા ચક્રાયુધનું સિહાસન હતું. એની જમણી બાજુ પડદો હતો... એની પાછળ મુખ્ય મહારાણી અને રાજકુમારી પ્રભંજના વિગેરેના સિંહાસનો હતા... પ્રભંજનાની સખીઓ માટે પણ વિશેષ ગોઠવણ કરવામાં આવી હતી...

નવના ટકોરા થયા....

સામિયાણો ભરાઇ ગયો... દેશ-વિદેશના રાજકુમારો સ્વયોગ્ય સ્થાને ગોઠવાઇ ગયા હતા... પ્રધાનો-પુરોહિતો પણ પોતાના સ્થાને બેઠા હતા... ત્યાં છડીદારે છડી પોકારી...

રાજા ચક્રાયુદ્ધ પધાર્યા... પોતાના સિંહાસન ઉપર બેસી ચારે તરફ દષ્ટિપાત કર્યો... પુત્રી પ્રભંજનાને વરમાળા લઇને આવવા જણાવ્યું... સાથે સાથે કહ્યું- ''પ્રભંજના, પોતાની દષ્ટિએ દેશ-વિદેશથી આવેલા રાજકુમારોને રાધાવેધ સાધતાં જોશે અને તેમાં જે સફળ થાશે તેને વરમાળા પહેરાવશે.''

ત્યાં રાણીએ પડદામાંથી ધીમે અવાજે કહ્યું - ''પ્રભંજના તો સખીઓ સાથે પૂ. સાધ્વીજી સુવ્રતાશ્રીજી મહારાજને વંદના કરવા ગયા છે તે આવતી જ હશે.''

બધાની નજરો પ્રવેશદ્વાર પર મંડાયેલી છે... રાજકુમારીને જોવા બધા અધીરા બન્યા છે... રાજકુમારીને આવતાં વાર લાગવાથી બધાના મનમાં વિવિધ પ્રશ્નો ઉઠ્યા... '' આવા સમયે વંદન કરવા? શું રાજકુમારી ધર્મઘેલી હશે ? શું કલાકુશળ હશે ?''

બધા પોતાના મનમાં સાધ્વીજી ભગવંતને 'મત્થએણ વંદામિ' કરી રહ્યા છે... તપ તેજથી દિપતાં સાધ્વીજી ભગવંતે સામે દષ્ટિ કરી. સુંદર વસ્ત્રાલંકારોથી શોભતી પ્રભંજના અને એની સખીઓને જોઇ મોઢામાંથી શબ્દો સરી પડ્યા... 'પ્રભંજના ! આજે આટલો બધો આનંદ શેનો છે ?''

પ્રભંજનાના બદલે સખીએ જવાબ આપતાં કહ્યું- ''આપશ્રીને શું આ આનંદની ખબર નથી?''

સાધ્વીજી ભગવંતે કહ્યું - ''અમને ખબર ક્યાંથી હોય ? નગરમાં શું થાય છે તેની ખબર અમારે શું કામ રાખવી જોઇએ...?''

ત્યાં મુખ્ય સખીએ કહ્યું - ''મહારાજાએ પ્રભંજના માટે સ્વયંવર રચ્યો છે... રાધાવેધ યોજવામાં આવ્યો છે... દેશવિદેશથી રાજકુમારો આવ્યા છે... રાજકુમારીજી સ્વયંવર મંડપમાં જતાં પહેલા આપશ્રીને દર્શન-વંદન કરી માંગલિક સાંભળવા આવ્યા છે...''

સાધ્વીજી ભગવંતે કહ્યું- ''આજે બધા સ્વયંવર મંડપમાં લગ્નાર્થે જવાના છો ?''

બધી સખીઓ અને પ્રભંજના શરમાઇને નીચે જોઇ રહ્યા...

બધાના મુખના ભાવોને જોઇ સાધ્વીજી ભગવંત બોલ્યા-'' આ તમારો આનંદ તો ક્ષણિક છે. સાચો આનંદ તો જ્યાં કાયમી સુખ હોય ત્યાંજ સંભવી શકે. તલવારની ધાર ઉપર મધ ચોપડેલું હોય તે ચાટવાથી મીઠી લાગે પરંતુ જો ધાર જીભને અડકી જાય તો જીભ કપાઇ જાય અને વેદના થાય...

સંસારના સુખો આવા છે. એમને તો દૂરથી જ નમસ્કાર કરવાના હોય... વિષયસુખ તે સુખ નથી પણ ઝેર છે... એનાથી માનવીની અધોગતિ થાય છે... પાપની દુઃખોની... જન્મ-મરણની પરંપરા ઉભી કરનારા છે. પ્રભંજના આ બધું વિચારી રહી હતી ત્યાં સખીઓ ઉતાવળ કરવા લાગી.- ''તમો તો આજે લગ્નનો દિવસ છે એ ભુલીને વૈરાગ્ય અને તત્વની વાતો કરવા બેસી ગયા. ઉતાવળ કરો પિતાજી ગુસ્સે થશે...''

પ્રભંજના ઉંડા ચિંતનમાંથી બહાર આવે છે અને કહે છે- ''સખીઓ ! તમારી વાત સાચી છે પણ વૈરાગ્ય અને તત્વની વાત કરવાની પળ સદ્ભાગ્યે જ મળે છે... સંસારમાં આ વાતો સાંભવાજ મળતી નથી તો એને આચરવાની તક ક્યાંથી મળે ? સંસારસુખ ભોગવીને પછી વૈરાગ્યના માર્ગે જઇશું આ તો કહેવાની વાતો છે... માયાનો જીવ માયના કુપમાં પડ્યા પછી નીકળી શકતો નથી...

સખીઓ પ્રભંજનાની વાત સાંભળી સ્તબ્ધ બની ગઇ... એક સખીએ પૂછી લીધું- ''તારો વિચાર તો લગ્નમંડપને દીક્ષા મંડપ બનાવવાનો હોય એમ લાગે છે...'' પ્રભંજનાએ સહજતાથી કહ્યું- ''એમ પણ હોઇ શકે.''

અત્યાર સુધી શાંત બેઠેલા સાધ્વીજી ભગવંતે કહ્યું- ''વિચાર કરો ! સાવધાન બનો ! પ્રથમ વસ્ત્રને મલિન કરવું અને પછી સ્વચ્છ કરવા પુરુષાર્થ કરવો સારું કે વસ્ત્રને મલિન જ ન થવા દેવું સારું ? કોઇ પુણ્યવંતી પળે આત્મગુણોમાં આગળ વધવા મળેલી તકને અપનાવવી સારી કે જંજાળને વધારી તેમાંથી નિકળવા તક શોધવી તે સારી ?''

પ્રભંજનાના હૈયામાં સાધ્વીજી ભગવંતના શબ્દો કોતરાઇ ગયા...

હું જે લગ્નનો આનંદ માણવા તૈયાર થઇ છું તે શું પહેલી જ વાર છે ?... ના... ના... આવા

લગ્નતો મારા જીવે કેટલીય વાર કર્યા... કેટલીયવાર મેં આવા સંસારના સુખો ભોગવ્યા...

**નશ્વર સાથેના સંબંધ નશ્વર હોય છે એનો આનંદ ક્ષણિક હોય છે...**

**શાશ્વત (ઈશ્વર) સાથેના સંબંધ શાશ્વત હોય છે એનો આનંદ શાશ્વત હોય છે...**

**સંસારી સાથેના સંબંધ નશ્વર છે...**

**આત્મા સાથેના સંબંધ શાશ્વત છે...**

હું આત્મા છું... શાશ્વત છું... જ્ઞાન-દર્શન મારા ગુણો છે. હું સ્વ ગુણોમાં રમણતા કરનાર છું... પરથી-સંસારની માયાજાળથી હું ભિન્ન છું... આત્મધ્યાનની લીનતા કર્મના પાશમાંથી મુક્ત કરતી ગઇ.... ધર્મધ્યાનમાંથી શુકલધ્યાનની લીનતા કર્મના પાશમાંથી મુક્ત કરતી ગઇ. ધર્મધ્યાનમાંથી શુકલધ્યાનમાં પ્રવેશ કરતાં જ ઘાતી કર્મોનો ભૂકો બોલાઇ ગયો...

પ્રભંજનાએ કેવલજ્ઞાનનો દીવડો પ્રગટાવ્યો... કેવલી બન્યા...

દેવદુંદુભિનો નાદ થયો... દેવોએ કેવલીને સાધુવેશ આપ્યો...સહુ વંદના કરવા લાગ્યા.. હજાર સખીઓ પણ પ્રતિબોધ પામી... ખેરખર લગ્નમંડપ દીક્ષા મંડપમાં ફેરવાઇ ગયો...

---

## ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૧૯)માં નીચેના ભાગ્યશાળીઓએ ભાગ લીધેલ.

(૧) શ્રીમતી કૌશલ્યા વિજય મોમાયા - સોલાપુર
(૨) શ્રીમતી મધુરી કીશોર ડાઘા - કોઇમ્બતુર
(૩) શ્રીમતી નયના નરેન્દ્ર લાલકા - નવી મુંબઇ
(૪) શ્રીમતી ઉર્મી ઉદય ધરમશી - યવતમાલ
(૫) શ્રીમતી મૃદુલા ડીનેશ દંડ - મુલુન્ડ
(૬) શ્રીમતી દક્ષા એમ. કોઠારી - ઘાટકોપર
(૭) શ્રીમતી હીરાબાઇ નરશી મોમાયા - નાશીક
(૮) શ્રીમતી ગીતા દીલીપ છેડા - મુલુન્ડ

<u>પ્રથમ વિજેતા</u>
**શ્રીમતી નયના નરેન્દ્ર લાલકા**
23, Lalka cottage,
Sector - 12,
Vashi - 400 703.

<u>દ્વિતીય વિજેતા</u> (1)
**શ્રીમતી કૌશલ્યા વિજય મોમાયા**
flat no. 18, 2nd floor,
Vardhaman height,
Solapur - 413002

<u>દ્વિતીય વિજેતા</u> (2)
**1)શ્રીમતી મૃદુલા ડીનેશ દંડ**
402, Manisha elite,
P K road,
New Aditi Hospital
Mulund (w) Mumbai - 80.

<u>તૃતીય વિજેતા</u> (1)
**શ્રીમતી મધુરી કિશોર ડાઘા**
3/4 Ram's Nagar, P.N. Pudur, "Kasturi"
b/h. by metal bearing,
coimbture - 641041 (T.N)

<u>તૃતીય વિજેતા</u> (2)
**શ્રીમતી ગીતા ડી. છેડા**
304, shreyans Apt.
Sarvodaya Parsasnath Nagar,
Jain Mandir road, Mulund (w) - 400 080.

---

ગતાંકમાં શ્રીમતી નયના નરેન્દ્ર લાલકા નવી મુંબઇની ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૧૮)માટેની પ્રવિષ્ટિની નોંધ લેવાની રહી ગઇ હતી તે ક્ષતિ બદલ મિચ્છામિ દુક્કડમ્.

# ધર્મના પ્રકાર

સંસાર સાગરને તરવા ધર્મ નાવ સમાન છે... વિશ્વમાં વિવિધ પ્રકારના ધર્મો છે... આ ધર્મોનો પરિચય મેળવીએ તો જ આપણને પુણ્યાનુબંધી પુણ્યથી મેળેલા જૈન ધર્મની મહત્તા સમજાય. ધર્મના ધર્મના નામે આપણે શું શું કર્યું એ પણ વિચાર કરવા જેવો છે...

ધર્મ પાંચ પ્રકારના છે... જેનો સંક્ષિપ્ત પરિચય નીચે આપવામાં આવ્યો છે...

એક ધર્મ કંથરી (કાંટાળા) વન સમાન છે, જે રીતે કાંટાળું વન સર્વ પ્રકારે નિષ્ફળ છે. કેવલ કાંટાઓથી વ્યાપ્ત હોવાથી લોકોને ફાડવાદિ અનર્થજનક થયા છે અને તે વનમાં પ્રવેશ-નિર્ગમન પણ દુષ્કર છે. ।।૧।।

આ વન જેવો નાસ્તિકમતિઓએ માનેલો ધર્મ છે... સર્વથા થોડું પણ શુભ ફળ આપતો નથી અને પરભવમાં નરકાદિગતિઓમાં દુઃખ-અનર્થ આપે છે અને આ લોકમાં લોકનિંદા, ! ધિક્કાર, રાજંડાદિકના ભયથી આ કુકર્મી નાસ્તિક મતમાં પ્રવેશ કરવો મુશ્કેલ છે અને જે મતમાં પ્રવેશ કરી ગયા છે, તેમને સ્વઇચ્છાનુસાર મદ્યમાંસાદિ ભક્ષણ, માતા-બહેન, પુત્રીની અપેક્ષા રહિત સ્ત્રીઓથી ભોગાદિ વિષયનાં સુસ્વાદના સુખની લંપટતાથી તે નાસ્તિક મતમાંથી નીકળવું પણ મુશ્કેલ છે. એટલા માટે આ ધર્મ સર્વથા સુજ્ઞજનોએ ત્યાગવા યોગ્ય છે... આ મતમાં ધર્મનાં લક્ષણો તો નથી. પરંતુ તેને માનવાવાળાં લોકોએ ધર્મ માની રાખ્યો છે. એટલા માટે તેનું નામ પણ ધર્મ જ લખ્યું છે.

એક ધર્મ સમી, ખીજડા, બાળવ, કીકર, ખદિર, બેરી, કરીર વગેરેથી મિશ્રિત વનસમાન છે. આ વન વિશિષ્ટ શુભ ફળ આપતું નથી... પરંતુ સાંગરી, બાવળફલાદિ સામાન્ય નીરસ ફળ આપે છે. સાંગરી પાકેલી થતાં સૂકી થઇ પ્રથમ મીઠી લાગે છે, પરંતુ કાંટાથી ભરેલી હોવાથી ફાડવાદિ અનર્થનો હેતુ બને છે. આ વન સમાન બૌદ્ધોનો ધર્મ છે. કારણ કે, બ્રહ્મચર્યાદિ કેટલીક સત્ ક્રિયા અને ધ્યાન-યોગાભ્યાસાદિકના કરવાથી મર્યા પછી વ્યંતર દેવતાની ગતિમાં ઉત્પન્ન થવાથી કંઇક શુભ-સુખરૂપ ફળ ભોગમાં આપે છે. **तथा चक्तम् बौद्ध शास्त्रे - ''मृद्वीशय्या प्रातरुत्थाय पेया । भक्तं मध्ये पानकं चापराह्ने ।। द्राक्षापाणं शर्करामर्द्धरात्रौ । मोक्षश्चान्ते शाक्यपुत्रेण दृष्टः ।।१।। मणुन्नभोयणं, भुच्चा, मणुन्नं सयणासणं, मणुन्नं सिअगारंसि, मणुन्नं झायए मुणी ।।२।।** બૌદ્ધ મતના શાસ્ત્રઅનુસારે

પોતાના શરીરને પુષ્ટ કરવું. મનને અનુકૂળ આહાર, શય્યાદિકના ભોગ અને બૌદ્ધભિક્ષુના પાત્રમાં કોઈ માંસ આપી દે, તો તેને પણ ખાઈ લેવું. સ્નાનાદિકથી પાંચેય ઇન્દ્રિયોના પોષણરૂપ અને તપ ન કરવાથી શરૂઆતમાં તો મીઠું (સારું) લાગે છે. પરંતુ ભવાંતરમાં દુર્ગતિ આદિ અનર્થ ફળ ઉત્પન્ન કરે છે, એટલા માટે આ ધર્મ પણ ત્યાગવા યોગ્ય છે.

આ ધર્મ પર્વતનાં વન તથા જંગલી વન સમાન છે. આ વનમાં થોર, કંથેરી, કુમાર વગેરે ફળ આપવાવાળા વૃક્ષ છે અને કંટકાદિથી ફાડવાથી અનર્થના પણ જનક છે ૧ અને કેટલાક ધવ સલ્લકીના સુપલાસ પનસ, સીસમ વગેરે વૃક્ષ છે. તેઓના ફળ તો નિઃસાર છે. પરંતુ વિશિષ્ટ અનર્થ જનક નથી. ૨ અને કેટલાક બેરી, ખેજડી, ખેર વગેરે નિઃસાર-અશુભ ફળ આપે છે. કંટકોથી ફાડવા આદિ અનિષ્ટનાં જનક પણ થાય છે. ૩ અને કેટલાક કિંપાકાદિ વૃક્ષ છે. શરૂઆતમાં મીઠા પરિણામમાં વિરસ ફળના આપવાવાળા છે. ૪. કેટલાંક ઉંબર (ગૂલર) બિલ્વાદિ ફળ, નિઃસાર શુભફળવાળા કંટકાદિકના અભાવથી અનર્થજનક નથી. ૫. કેટલાક નારંગી, જાંબુ, કરણાદિ મધ્યમ ફળોનાં વૃક્ષ છે. પરંતુ અનર્થ જનક નથી.૬. કેટલાંક રાયણ, કેરી, પ્રિયંગુ વગેરે સરસ, શુભ-પુષ્પ, ફળવાળાં છે, આ સર્વ માલિકી રહિત જાણવા. ૭. એવા તારતમ્યતાથી, અધમ, મધ્યમ, ઉત્તમ વૃક્ષોની વિચિત્રતાથી પર્વતના વનોની પણ વિચિત્રતા જાણવી. આ વન સમાન તાપસ ૧ નૈયાયિક, વૈશેષિક, જૈમિનીય, (મીમાંસા) સાંખ્ય, વૈષ્ણવ આદિ આશ્રિત સર્વ લૌકિક ધર્મ અને ચરક, પરિવ્રાજક તેઓના વિચિત્રપણાથી વિચિત્ર (વિવિધ) પ્રકારનાં ફળ છે, તે જ બતાવીએ છીએ. કેટલાક વેદોક્ત મહાયજ્ઞ-પશુવધ રૂપ, સ્નાન, હોમાદિ કરીને ધર્મ માને છે, તેઓ કંથેરી (કાંટાળા) વન જેવાં છે. પરભવમાં અનર્થરૂપ જેનું ફળ પ્રાયઃ થશે અને કેટલાક તો તુરમણીશ દત્તરાજાની જેમ માત્ર નરકાદિ ફળવાળાં હોય છે. **तथा चोक्तम् आरण्यके ।। ये वै इह यथा २. यज्ञेषुपशुन्निशंसन्ति ते तथा २ इत्यादि ।। तथा शुकसंवादे ।। यूपं छित्वा, पशून् हत्वा कृत्वा रुधिर-कदर्दमं, यद्यैवं गम्यते स्वर्गे नरके केन गम्यते - ।।१।। स्कंधपुराणे।। वृक्षांश्छित्वा, पशून् हत्वा,कृत्वा रुधिरकदर्दमं, दग्ध्वा वन्हौ तिलाज्यादि, चित्रं स्वर्गोऽभिलष्यते ।।१।।के** કેટલાક અપાત્રને અશુદ્ધ દાન,ગાયત્રી આદિના જાપાદિ, ધવપલાશાદિની જેમ પ્રાયઃ ફળ આપવાવાળાં પણ સામગ્રી વિશેષ મળ્યે કંઇક ફળજનક છે. પરંતુ અનર્થ જનક નથી, વિવક્ષિત છે. આ સ્થળે પ્રતિદિન લાખનું દાન આપવાવાળા, મરીને હાથી થયેલા શેઠની જેમ તથા દાનશાળાદિ કરાવવાવાળાં, નંદમણિયારની જેમ તથા સેચનક હાથીનો જીવ લક્ષભોજી બ્રાહ્મણની જેમ દૃષ્ટાંત જાણવા. ।।૨।। કેટલાક તો સાવધ (સપાપ) અનુષ્ઠાન, તપ, નિયમ, દાનાદિ, અન્યાયથી દ્રવ્યોપાર્જન કરી કૃપાત્રદાનાદિ, વેરી ખીજડાની જેમ કંઇક રાજ્યાદિ અસાર શુભ ફળ, દુર્લભ

બોધિપણું હીન જાતિત્વ પરિણામ વિરસાદિ અનર્થ પણ આપે છે. કોણિકના આગળના ભવમાં તપસ્વીની જેમ અને જૈવમતિ નામનો મિથ્યાદષ્ટિ સુસઢાદિ દેવગતિમાં ગયેલ બહુલ સંસારી થયા, તે પણ મિથ્યા તપ કરવામાં તત્પર થયેલા, આ ભાંગામાં જાણવા. ।।૩।। કેટલાક કિંપાકાદિની જેમ અસત્ આગ્રહ, વેદ-ગુરુનાં પ્રત્યનીકાદિ ભાવવાળાં, તથાવિધ તપોનુષ્ઠાનાદિ કરીને એકવાર સ્વર્ગાદિ ફળ આપીને બહુલ સંસાર, તિર્યંચ-નરકાદિના દુ:ખ આપવાવાળા હોય છે. ગોશાલક, જમાલિ આદિની જેમ ।।૪।। તથા કેટલાક ભદ્રભાવ વિશેષ પાત્રગુણાદિપરિજ્ઞાનરહિત, દાન- પૂજાદિ મથ્યાત્વના રાગથી કરે છે, તે ઉદુંબરાદિની જેમ કંઇક રાજ્ય, મનુષ્યનાં ભોગ સામગ્રી આદિ અસાર શુભ ફળ જ આપે છે. બીજાના ઉપરોધમાં દાન આપવાવાળાં સુંદર વાણિયાની જેમ, જૈન ધર્માશ્રિત હોવાં છતાં પણ નિયાણાસહિત અવિધિથી તપ-અનુષ્ઠાન, દાનાદિ કરવાવાળો પણ આ ભાંગામાં જાણવો. ચંદ્ર, સૂર્ય બહુ પુત્રિકાદિનાં દષ્ટાંત જાણી લેવા. ।।૫।। કેટલાક તાપસાદિધર્મી બહુ પાપરહિત તપોનુષ્ઠાન, કંદમૂળ ફલાદિ સચિત્ત ભોજન કરવાવાળાં, અલ્પ તપવાળાં, નારંગી-જાંબુ કરણાદિ ઝાડની જેમ જ્યોતિષી ભવનપત્યાદિ મધ્યમ દેવર્દ્ધિ ફલદાયી છે. શ્રી વીર પહેલાનાં ભવોમાં પરિવ્રાજક પૂર્ણ તાપસની જેમ તથા જૈનમતિ સરોષ, ગારવ, પ્રમાદ, સંયમી આદિ દેડકી વધ કરવાવાળાં ક્ષપક મુનિ, મંગુ આચાર્યાદિની જેમ ।।૬।। કેટલાંક તામલિ ઋષિની જેમ ઉગ્ર તપ કરવાવાળાં, ચરક-પરિવ્રાજકાદિ ધર્મવાળા આંબાદિ વૃક્ષોની જેમ બ્રહ્મદેવલોકાવધિ સુખ ફળ આપે છે. ।।૭।। આ સર્વ પર્વતના વન સમાન કહ્યાં, પરંતુ સમ્યગ્દષ્ટિઓએ સર્વ ત્યાગવા યોગ્ય છે.

એક ધર્મ નૃપવન સમાન શ્રાવક ધર્મ  છે. રાજાના વનમાં આંબા, જાંબુ, રાયણાદિ જઘન્ય વૃક્ષ છે. કેળાં, નારિયેળી, સોપારી આદિ મધ્યમ, માધવી, લતા, તમાલ, એલચી, લવિંગ, ચંદનાગરુ, નાગર વગેરે ઉત્તમ ચંપક, રાજ ચંપક, જાતિ, પાઢલાદિ ફૂલતરૂ વિચિત્ર છે, આ સર્વ ગિરિવનનાં વૃક્ષોથી સીંચાયેલા, પાળેલાં હોવાથી અધિક ફળ, પત્ર, પુષ્પવાળાં છે. સદા સરસ બહુમૂલાં ફલાદિ આપે છે. આ વન સમાન શ્રાદ્ધ (શ્રાવક) ધર્મ સમ્યક્ત્વ પૂર્વક બાર વ્રતોની અપેક્ષાએ તેરસો કરોડથી પણ અધિક ભેદ હોવાથી વિચિત્ર પ્રકારનાં સમ્યગ્ ગુરુ સમીપે અંગીકાર કરવાથી પરિગૃહિત છે, અજ્ઞાનમય લૌકિક ધર્મથી અધિક છે અને અતિચાર, વિષય, કષાયાદિ, ચોર, શ્વાપદાદિકોથી સુરક્ષિત છે અને ગુરુ ઉપદેશ, આગમાભ્યાસાદિથી સદા સિંચ્યમાન છે, સૌધર્મ દેવલોકનાં સુખ જઘન્ય ફળ છે, સુલભ બોધ થવાથી અને નિશ્ચિત જલ્દી સિદ્ધિ સુખોને આપવાવાળ હોવાથી અને મિથ્યાત્વીનાં સુખોથી ખૂબ સુભગ આનંદાદિ શ્રાવકોની જેમ આપે છે અને ઉત્કૃષ્ટથી તો જીર્ણ શેઠાદિની જેમ બારમા અચ્યુત દેવલોકનાં સુખ આપે છે. ।।

એટલા માટે બાર વ્રત રૂપ શ્રાદ્ધ (શ્રાવક) ધર્મની યત્નથી ગૃહસ્થ લોકોએ અંગીકાર કરવો અને અધિક અધિક શુદ્ધ ભાવોથી પાળવો- આરાધવો જોઇએ...

એક ધર્મ દેવતાનાં વન સમાન સાધુ ધર્મ છે. દેવતાના વનમાં દેવતાઓની તારતમ્યતાથી ઋદ્ધિવાળાઓને ક્રીડા કરવાના નંદનવનાદિમાં પણ રાજાનાં વનની જેમ જઘન્ય, મધ્યમ, ઉત્તમ વૃક્ષ થાય છે. સર્વ ઋતુનાં ફળવાન વૃક્ષોનાં હોવાથી અને દેવતાનાં પ્રભાવથી સર્વ રોગ-વિષાદાદિ દૂર કરે છે. મનચિંતિત રૂપકરણ, જરાપલિતનાશક ઇત્યાદિ બહુ પ્રભાવશાલી ઔષધિઓ, પત્ર, ફલાદિથી સંયુક્ત છે, આગળના સર્વ વનમાં આ પ્રધાન વન છે. આ વન સમાન ચારિત્ર ધર્મ પણ પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ, સ્નાતકાદિ વિચિત્ર ભેદમય છે. વિરાધક શ્રાવક-સાધુઓનો ધર્મ-ત્રીજા મિથ્યાત્વ ધર્મમાં ગ્રહણ કરવાથી આ ધર્મમાં અવિરાધકયતિ ધર્મવાળાં જાણવાં, તેમને સૌધર્મ દેવલોકનાં સુખરૂપ જઘન્ય ફળ છે. આરાધક શ્રાવક ધર્મવાળાંઓથી અધિક અને બાર કલ્પ દેવલોક, નવ ગ્રૈવેયકાદિ મધ્યમ સુખ અને ઉત્કૃષ્ટ તો અનુત્તર વિમાનનાં સુખ સાંસારિક અને સંસારાતીત મોક્ષ ફળ આપે છે. એટલા માટે આ ધર્મની સર્વ શક્તિથી ઉત્તરોત્તર અધિક અધિક આરાધના કરવી જોઇએ... આ સર્વ ધર્મોથી ઉત્તમધર્મ છે. આ કથન કંઇક ઉપદેશ રત્નાકરમાંથી લખ્યું છે.

**જે જૈનધર્મમાં રાજાઓ જૈનધર્મી હોતાં હશે, તેઓ જૈનધર્મ કઇ રીતે પાળી શકતાં હશે ? કારણ કે, જૈનધર્મ રાજ્યધર્મનો વિરોધી અમને જણાય છે.**

ઉત્તર : ગૃહસ્થાવસ્થાનો જૈનધર્મ રાજ્યધર્મ (રાજ્યનીતિ) નો વિરોધી નથી. કારણે કે, રાજ્યધર્મ ચોર, વ્યભિચારી, ખૂની, અસત્યભાષી વગેરેને કાયદા મુજબ દંડ આપે છે, આ રાજ્યનીતિનો જૈનરાજાના પ્રથમ સ્થૂળ જીવહિંસારૂપ વ્રત સાથે વિરોધ નથી. કારણ કે, પ્રથમ વ્રતમાં નિપરાધીને ન મારવા એવો ત્યાગ છે અને ચોર, વ્યભિચારી, ખૂની, અસત્યભાષી આદિક અન્યાય કરવાવાળાઓ તો રાજાનાં અપરાધી છે, એટલા માટે એમને યોગ્ય દંડ આપવાથી જૈનધર્મી રાજાનું પ્રથમવ્રત ભંગ થતું નથી. આ જ રીતે પોતાના અપરાધી રાજાની સાથે લડાઇ કરવાથી પણ વ્રત ભંગ થતું નથી. ચેટક મહારાજ, સંપ્રતિ, કુમારપાળ આદિની જેમ અને જૈનધર્મી રાજાઓ બાર વ્રતરૂપ ગૃહસ્થનો ધર્મ ખૂબ સારી રીતે પાળતાં હતાં, જે રીતે રાજા કુમારપાળે પાળ્યા હતાં.

# ગુરુ પદ મહિમા

અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ... દુઃખ અને દુર્ગતિમાંથી સુખ અને સદ્ગતિ તરફ... પાપી જીવોને પુણ્ય અને પવિત્રતા તરફ... પતનની ખીણમાંથી ઉત્થાનના શિખર તરફ... સંસારની જેલમાંથી મુક્તિના મહેલ તરફ લઇ જનાર કોઇ હોય તો તે છે ગુરુ ભગવંત !

આવા ગુરુ પામવાનું સદ્ભાગ્ય જાગે.. પુરુષાર્થ કરીએ અને સદ્ગુરુ પામી એમની શરણાગતિ સ્વીકારી સિદ્ધ ગતિના સ્વામી બનીએ... એ ઉચ્ચ ભાવનાથી અહિં ગુરુ ભગવંતના વિવિધ આઠ પ્રકાર જણાવ્યા છે... વિવિધ ઉપમાઓ દ્વારા એમનું સ્વરૂપ સમજાવી આપણે કેવા પ્રકારના સદ્ગુરુનો ઉપદેશ સાંભળી આત્મકલ્યાણ સાધવું જોઇએ એ સમજાવ્યું છે.

## પહેલા ગુરુ ચાસ (નીલચાસ) પક્ષી સમાન છે !

જે રીતે ચાષ પક્ષીમાં રૂપ છે, પાંચ વર્ણથી સુંદર હોવાથી અને શુકનમાં પણ જોવા લાયક છે. ૧. પરંતુ ઉપદેશ (વચન) સુંદર નથી. ૨. કીડા વગેરેના ખોરાકથી ક્રિયા (ચાલ) સારી નથી. ૩. તે જ રીતે કેટલાંક ગુરુ નામધારીઓમાં રૂપ (વેશ) તો સુવિહિત સાધુનો છે. ૧. પરંતુ અશુદ્ધ (ઉત્સૂત્ર) પ્રરૂપવાથી ઉપદેશ શુદ્ધ નથી ૨ અને ક્રિયા મૂલોત્તર ગુણ રૂપ નથી. પ્રમાદથી નિરવદ્યાહારાદિ ગવેષણ કરતાં નથી. ૩.

**यदुक्तम् ।। दगपाणपुप्फफलं अणेसणिज्जं गिहत्थकिच्चाइं अजया पडिसेवंति जइवेसविडंबगा नरं ।।१।।**

તેનો અર્થ : સચિત્ત પાણી, ફૂલ, ફળ, અનેષણીય આહાર ગૃહસ્થના કર્તવ્ય ૧ જીવહિંસા, ૨. અસત્ય, ૩. ચોરી, ૪. મૈથુન, ૫. પરિગ્રહ, રાત્રિભોજન, સ્નાનાદિ અસંયમી પ્રતિસેવે છે. તે પણ ગૃહસ્થ તુલ્ય જ છે, પરંતુ યતિના વેશની વિટંબણા કરવાથી આ વાતથી અધિક છે, એવા તો સાંપ્રત (વર્તમાન) કાળમાં દુઃષમ આરાના પ્રભાવથી ઘણાં છે. પરંતુ તેઓનાં નામ લખતાં નથી. અતીત કાળમાં તો એવાં કુલવાલકાદિકો દૃષ્ટાંત જાણી લેવા. કુલવાલકમાં સુવિહિત યતિનો વેશ તો હતો, ૧. પરંતુ માગધિકા ગણિકાની સાથે મૈથુન કરવામાં આસક્ત હતો. એથી સારી ક્રિયા નહોતી. ૨ અને વિશાલાભંગાદિ મહાઆરંભાદિનો પ્રવર્તક હોવાથી ઉપદેશ પણ શુદ્ધ નહોતો. સામાન્ય સાધુ હોવાથી ઉપદેશનો તેને અધિકાર નહોતો... ૩. એ જ રીતે મહાવ્રતાદિ રહિત ૧, ઉત્સૂત્ર પ્રરૂપક (ગુરુ કુલવાસત્યાગી) તે કદાપિ શુદ્ધમાર્ગ પ્રરૂપી શકતા નથી. ૨. નિઃકેવલ યતિવેષ ધારક છે. ૩. ઇતિ પ્રથમ ગુરુ ભેદ સ્વરૂપ કનથ ।।૧।।

## બીજા ગુરુ ક્રૌંચ પક્ષી સમાન છે.

૨ ક્રૌંચપક્ષીમાં સુંદર રૂપ નથી. દેખવા યોગ્ય વર્ણાદિ ન હોવાથી ૧. ક્રિયા પણ સારી નથી, કીડા વગેરેનું ભક્ષણ કરવાથી. ૨. કેવળ ઉપદેશ (મધુર ધ્વનિ રૂપ) છે... ૨. એ જ રીતે કેટલાંક પુરુષોમાં ચારિત્રી-સાધુ સમાન વેશના અભાવથી રૂપ નથી. ૧. મહાવ્રત રહિત અને પ્રમાદના સેવનથી ક્રિયા પણ નથી. ૨. પરંતુ ઉપદેશ શુદ્ધ માર્ગ પ્રરૂપણ રૂપ છે. ૩. પ્રમાદમાં પડેલાં અને પરિવ્રાજકના વેશધારી ઋષભ તીર્થંકરના પૌત્ર મરીચિ આદિની જેમ અથવા પાસત્થા આદિની જેમ. કારણ કે, પાસત્થમાં સાધુ સમાન ક્રિયા તો નથી ૧ અને પ્રાયઃ સુવિહિત સાધુ સમાન વેશ પણ નથી... **यदुक्तम् ।। वत्थं दुपडिलेहियपमाणसकन्निअं दुकूलाई इत्यादि ।।**

અર્થ : વસ્ત્ર દુપ્રતિલેખિત, પ્રમાણરહિત સદશક પછેવડી (પછેડી) રાખવાથી, સુવિહિતનો વેશ નથી. ૨ પરંતુ શુદ્ધ પ્રરૂપક છે, એક યથાછંદને છોડીને ૧. પાસત્થા, ૨.અવસન્ના, ૩. કુશીલ, ૪. સંસક્ત આ ચારેય શુદ્ધ પ્રરૂપક હોઇ શકે છે. પરંતુ દરરોજ દસ જણાને પ્રતિબોધ કરનાર નંદિષેણ જેવાને આ ભાંગામાં ન જાણવા, કારણ કે નંદિષેણને શ્રાવકનું લિંગ (ઓળન) હતું. ઇતિ બીજો ગુરુ સ્વરૂપ ભેદ. ।।૨।।

## ત્રીજા ગુરુ ભમરા (ભ્રમર) સમાન છે. ૩

કૃષ્ણ (કાળો) રંગ હોવાથી ભમરામાં સુંદર રૂપ નથી. ૧, ઉપદેશ (તેનો ઉદાત્ત મુધર સ્વર) નથી. ૨. કેવળ ક્રિયા ઉત્તમ છે. ફૂલોમાંથી ફૂલોને દુઃખ આપ્યા વગર પરિમલ પીવાથી. ૩. તેવી જ રીતે કેટલાંક ગુરુ યતિના વેષવાળા પણ નથી ૧ અને ઉપદેશક પણ નથી. ૨. પરંતુ ક્રિયા છે, જેમ કે, પ્રત્યેક બુદ્ધાદિકોમાં પ્રત્યેક બુદ્ધ, સ્વયંબુદ્ધ, તીર્થંકરાદિ યદ્યપિ સાધુ તો છે, પરંતુ તીર્થગત સાધુઓની સાથે પ્રવચન ૧, લિંગથી ૨ સાધર્મિક નથી, એટલે યતિવેશ પણ નથી, ૧ અને ઉપદેશક પણ નથી. ૨, ''**देशनाऽनासेवकः प्रत्येकबुद्धादिरित्यागमात्** '' ક્રિયા તો છે, કારણ કે, તે ભવે જ મોક્ષફળ થવાનું છે.।। ઇતિ તૃતીય ગુરુ સ્વરૂપ ભેદ ।।૩।।

## ચોથા ગુરુ મોર સમાન છે. ૪

જેમ મોરમાં રૂપ તો છે, પંચ વર્ણ મનોહર ૧ અને શબ્દ મધુર કેકારૂપ છે. ૨. પરંતુ ક્રિયા નથી. નિર્દય હોવાથી સર્પાદિકોનું ભક્ષણ કરી જાય છે. ૨. તે રીતે કેટલાક ગુરુઓમાં વેશ ૧ ઉપદેશ તો છે. ૨. પરંતુ સત્ક્રિયા નથી. ૩. મંગુ આચાર્યની જેમ ।। ઇતિ ચોથો ગુરુ સ્વરૂપ ભેદ ।।૪।।

## પાંચમા ગુરુ કોકિલા (કોયલ) સમાન છે. ૫

પંચમ સ્વર ગાવાથી. કોકિલામાં સુંદર ઉપદેશ (શબ્દ) તો છે, ૧. અને ક્રિયા આંબાની મંજરી વગેરે શુચિ આહારના ખાવા રૂપ છે. તથા **चाहु : -''आहारे शुचिता, स्वरे मधुरता, नीडे निरारंभता ।। बंधौ निर्ममता, वने रसिकता, वाचालता माधवे ।। त्यक्त्वा तद्द्विजकोकिलं, मुनिवरं दूरात्पुनर्दांभिकं**

**वन्दते बत खंजनं, कृमिभुजं चित्रा गतिः कर्मणाम् ।।१।।** પરંતુ રૂપ નથી, કાકાદિ (કાગડાઓ) વગેરેથી પણ હીનરૂપ હોવાથી તે જ રીતે કેટલાંક ગુરુઓમાં સમ્યક્ ક્રિયા ૧, ઉપદેશ ૨. તો છે. પરંતુ રૂપ (સાધુનો વેષ) કોઇ કારણથી નથી, સરસ્વતીને છોડાવવા માટે યતિવેશ છોડનારાં કાલિકાચાર્યની જેમ।। ઇતિ પાંચમા ગુરુ સ્વરૂપ ભેદ ।।૫।।

## છટ્ઠા ગુરુ હંસ સમાન છે. ૬.

હંસમા રૂપ પ્રસિદ્ધ છે. ૧. ક્રિયા કમલનાળ વગેરેના આહાર કરવાથી સારી છે. ૨. પરંતુ હંસમાં ઉપદેશ (મધુર સ્વર) કોયલ-પોપટની જેમ નથી. ૩. તે રીતે જ કેટલાક ગુરુઓમાં સાધુનો વેષ ૧ સમ્ય ક્રિયા તો છે, ૨. પરંતુ ઉપદેશ નથી, અનધિકારી હોવાથી. ગુરુએ ઉપદેશ કરવાની આજ્ઞા નથી આપી. ધન્ના શાલિભદ્રાદિ મહા ઋષિઓની જેમ. ।। ઇતિ છટ્ઠો ગુરુ સ્વરૂપ ભેદ ।।૬।

## સાતમા ગુરુ પોપટ સમાન છે. ૭

અહીં પોપટ બહુવિધ સૂક્ત, શાસ્ત્ર, કથાદિપરિજ્ઞાનથી હોંશિયાર ગ્રહણ કરવો. પોપટ રૂપથી રમણીય છે. ૧. ક્રિયા કેરી, કેળાં, દાડમ, ફલાદિ પવિત્ર આહાર કરે છે, તેથી સારી છે, ૨. ઉપદેશ વચન મધુરાદિ પોપટના પ્રસિદ્ધ છે. ૩. તે જ રીતે કેટલાક ગુરુ ૧ વેષ, ૨. ઉપદેશ, ૩. સમ્યક્ ક્રિયા ત્રણેયથી સંયુક્ત છે, શ્રી જંબુ, વજસ્વામી આદિની જેમ ઇતિ સાતમા ગુરુ સ્વરૂપ ભેદ ।।૭।।

## આઠમા ગુરુ કાગડા સમાન છે. ૮

જેમ કાગડામાં રૂપ નથી, ૧. ઉપદેશ પણ નથી. કડવા શબ્દ બોલવાથી ૨ ક્રિયા પણ સારી નથી, રોગી, વૃદ્ધ બળદાદિઓની આંખ કાઢી લેવી. ચાંચ ભરાવી ફોલવું અને જાવનરોના રૂધિર, માંસ, મળાદિ અશુચિ આહાર હોવાથી એ જ રીતે કેટલાંક પુરુષોમાં ૧ રૂપ, ૨. ઉપદેશ, ૩. ક્રિયા ત્રણેય નથી. અશુદ્ધ પ્રરૂપ સંયમ રહિત પાસત્થા વગેરે જાણવા. સર્વ પરતીર્થી પણ ભાંગામાં જાણવા.

## ઇતિ આઠમા ગુરુ સ્વરૂપ ભેદ ।।૮।।

આ સર્વમાંથી ઉપદેશ સાંભળવા માટે યોગ્યાયોગ્ય કોણ છે ?

આ આઠેય ભાંગાઓમાં જે ભંગક્રિયા રહિત (સંયમ રહિત) છે, તે સર્વ ત્યાગવા યોગ્ય છે અને જે ભાંગો સમ્યક્ ક્રિયા સહિત છે તે આદરવા યોગ્ય છે.પરંતુ તેમાં પણ જે ઉપદેશવિકલ ભાંગો છે. તેઓ સ્વતારક છે. તો પણ બીજાને તારવા માટે અસમર્થ છે અને જે ભાંગો અશુદ્ધોપદેશક છે તે તો પોતાને અને શ્રોતાઓને સંસારસમુદ્રમાં ડૂબાડવાના જ છે. એટલા માટે સર્વથા ત્યાજ્ય છે અને શુદ્ધોપદેશક ક્રિયાવાન્ પક્ષ કોકિલાના દૃષ્ટાંતથી સૂચિત અંગીકાર કરવા યોગ્ય છે. ત્રિક યોગવાળો પક્ષ પોપટના દૃષ્ટાંતથી સૂચિત સર્વથી ઉત્તમ છે અને શુદ્ધ પ્રરૂપક પાસત્યાદિ ચારેય પાસે ઉપદેશ સાંભળવો પણ શુદ્ધ ગુરુના અભાવથી અપવાદમાં સમ્મત છે.

# જયલક્ષ્મી બાગ

थद्धो निरुवचारी,
अविणीओ गव्विओ निरुवणामो
साहुजणस्स गरहओ,
जणे वि वयणिज्जयं लहइ ।।

**જે વ્યક્તિ**
**-અભિમાનથી અક્કડ હોય,**
**-કૃતઘ્ની -કરેલા ઉપકારોને ભૂલી જનારો હોય,**
**-અવિનીત હોય,**
**-આપપ્રશંસા કરનારો હોય.**
**-ગુરુનો વિનય ન કરતો હોય**
**એવા વ્યક્તિ સજ્જનોમાં નિંદ્ય બને છે.**
**(ઉપદેશમાલા-૨૭)**

सीलं धम्मनिहाणं,
सीलं पावाण खंडणं मणियं
सीलं जंतूण जए,
अकित्तिमं मंडणं पवरं ।।

**શીલ ધર્મનું નિધાન છે.**
**શીલ પાપોનો નાશ કરનાર છે.**
**તથા**
**જગતમાં શ્રેષ્ઠ શણગાર**
**પણ**
**શીલ છે.**
**(શીલ કુલક -૩)**


काले अणाइ निहणे,
जोणि गहणम्मि भीसणे इत्थ
भमिया भमिहंति चिरं,
जीवा जिणवयणमलहंता ।।

**જેઓએ રાગ-દ્વેષ પર જીત મેળવી છે.**
**તેવા તીર્થંકરો જિનેશ્વરોના**
**વચનને-વાણીને જે જીવો પામી શક્યા નથી.**
**તેવા જીવો યોનિથી ગહન અને ભયંકર તથા**
**કાલથી અનાદિ એવા આ સંસારમાં**
**આજ સુધી ભમ્યા છે, હજુ સુધી ભમી રહ્યા છે.**
**અને લાંબા કાળ સુધી ભમતા રહેશે.**
**(જીવવિચાર -૪૯)**

अर्थनाशं मनस्तापं,
गृहिणीचरितानि च ।
दानमानापमानं च,
मतिमान्न प्रकाशेयेत् ।।

**બુદ્ધિશાળી-સમજદાર વ્યક્તિ**
**આ કહેલી વસ્તુઓને ગુપ્ત રાખે છે.**

**(૧) પોતાના ધનનો નાશ,**
**(૨) મનનો તાપ-સંતાપ**
**(૩) પોતાની સ્ત્રીનાં ચરિત્ર,**
**(૪) કરેલો ઉપકાર**
**(૫) મળેલા માન-સન્માન**
**(૬) થયેલાં અપમાન-**
**તિરસ્કાર-જાકારો**



धम्मो मंगल मुकिट्ठं,
संजमो तव ।
दैवा वीतं नमंसंति, जस्स धमे सया मणो ।।

**સર્વ મંગલોમાં શ્રેષ્ઠ મંગલ ધર્મ છે.**
**આ ધર્મ અહિંસા-સંયમ અને તપમય છે.**
**આવા ધર્મને જે મન મંદિરમાં**
**સદા બિરાજમાન કરે છે તેને દેવલોકના**
**દેવો પણ નમસ્કાર કરે છે.**
**આવો ! આપણે આવા ધર્મને**
**મન-મંદિરમાં બિરાજમાન કરી**
**જીવન સફળ-ધન્ય બનાવીએ.**

**'લક્ષ્મી ક્યાં સ્થિર રહે છે ?**

**જ્યાં**
**-મૂર્ખાઓને માન-સન્માન મળે છે.**
**-વિદ્વાનોનું અપમાન થતું નથી.**
**-માંગનારા ખાલી હાથે પાછા ફરતા નથી.**
**-પરિવારમાં કલહ-કલેશ-કજિયા હોતા નથી**
**-પતિ-પત્નીમાં પ્રેમ હોય છે.**
**આવા**
**ઘરમાં લક્ષ્મી કાયમ માટે**
**સ્થિર રહે છે.**

# પુંડરીકગિરિ

પુંડરીક....

પ્રભુ આદિનાથના પૌત્ર....

પ્રભુ સાથે દીક્ષા લીધી.... પ્રભુને કેવળજ્ઞાન થતાં તીર્થસ્થાપના કરી... પુંડરીક પ્રભુના પ્રથમ ગણધર બન્યા...

એકદા ગણધર પુંડરીકે દાદા આદિનાથને પ્રશ્ન પૂછ્યો – ''હે પ્રભુ ! આ સંસાર સાગરથી મારો નિસ્તાર ક્યા થશે ? ક્યારે થશે ?

**એક દિન પુંડરીક ગણધરુ રે લાલા,**
**પુછે શ્રી આદિ જિણંદ સુખકારી રે,**
**કહિએ તે ભજવલ ઉતરી રે લાલ,**
**પામીશ પરમાનંદ જયકારી રે...**

પ્રભુજી એ શું જવાબ આપ્યો ? પ્રભુજી એ કહ્યું– ''હે પુંડરીક ! ગિરિરાજની ઉપર જ તમને કેવળજ્ઞાન થશે ત્યાં જ તમે નિર્વાણ પદને પામશો... તમારા નિર્વાણથી એ તીર્થનો મહિમાં વિશ્વમાં વિસ્તાર પામશે...''

**કહે જિન ઈણ ગિરિ પામશો રે લાલ,**
**જ્ઞાન અને નિર્વાણ જયકારી રે ;**
**તીરથ મહિમા વાધશે રે લાલ,**
**અધિક અધિક મંડાણ ભવવારી રહે....**

પ્રભુજીની વાત સાંભળી પુંડરીક ગણધર ગિરિરાજ ઉપર પધાર્યા.. ત્યાં જ કેવળજ્ઞાનને પામ્યા અને પાંચ કરોડ સાથે ત્યાં જ નિર્વાણ પદને પામ્યા... તેથી ગિરિરાજ પુંડરીકગિરિ ના નામે ઓળખાવા લાગ્યા... આજે પણ ચૈત્રી પુનમના ગિરિરાજની છત્રછાયામાં પુંડરીકસ્વામિનો મેળો જામે છે. જૈન જૈનેતરો પણ મેળામાં આવે છે. જૈનેતરોને પણ એ દિવસે ભાતું આપવામાં આવે છે... જૈનેતર બહેનો ગરબા રમે છે... પુંડરીક સ્વામીના ભાવથી ગરબા ગાય છે. આવા પુંડરીક સ્વામીને ગિરિરાજ ઉપર બરાબર દાદાની સામે સ્થાન મળ્યું છે...ગિરિરાજના પાંચ ચૈત્યવંદનમાં પુંડરીક સ્વામીના ચૈત્યવંદનને પણ સ્થાન મળ્યું છે...

# શોધીલે જીવનનો સાર

## ૧. મનની પવિત્રતા

ગંગા નદીથી થોડેક દૂર આવેલું એક નગર હતું....

સૌંદર્યથી ભરપૂર નૈસર્ગિક વાતાવરણથી આલ્હાદક એ નગર....

એ નગરમાં વિવિધ જાતિઓના જનો રહેતા... ગર્ભ શ્રીમંતો, શ્રેષ્ઠીઓ, શાહુકારો વગેરે વગેરે રહેતાં હતાં. તે નગરમાં ઉંચ જાતિના લોકો હતા... તેવી રીતે સામાન્ય જાતિના પણ લોકો વસતાં હતાં... તેમાં એક ચમાર જાતિમાં જન્મેલો રૈદાસ નામનો ભક્ત રહેતો હતો...

આ ભક્ત રૈદાસનું જીવન પ્રમાણિક અને પવિત્ર હતું...

જાતિ ભલે ક્ષુદ્ર હતી. પણ ખૂબ ન્યાય, નીતિથી જીવન જીવતો હતો...

પરિવારના ભરણ-પોષણ માટે ચંપલ-જૂતા સીવવાનું કાર્ય કરતો હતો... તેની આવક ખૂબ ઓછી હતી... પણ જીવનમાં સંતોષ ઘણો હતો... અને જ્યારે કાર્યમાંથી સમય મળતો ત્યારે પ્રભુની ભક્તિ કરતો, સત્સંગમાં જતો હતો...

એકદા ગંગા નદીના કિનારે મેળો લાગ્યો હતો... હજારો લોકો તે મેળામાં જવા માટે દર્શન કરવા તથા ગંગાનદીમાં સ્નાન માટે આવવા લાગ્યા... એવા દર્શનાર્થીઓ સાથે મોટા મોટા પંડિતો વિદ્વાનો, બાવા, ફકીરો પણ આવવા લાગ્યા. એક પંડિત ગંગા નદીના સ્નાન માટે જઇ રહ્યો હતો... અને વચ્ચે જ એના ચંપલ ફાટી ગયા... એ પંડિતમાં જ્ઞાન ઓછું પણ અહંકાર ઘણો જ હતો... આ પંડિત આ રૈદાસના નગરથી પસાર થઇ રહ્યો છે. એક ફૂટપાથ પર તેણે રૈદાસને ચંપલ સીવતો જોયો. તેની પાસે આવે છે અને પોતાના ફાટેલા ચંપલ સરખા કરાવે છે.

રૈદાસ ચંપલ સીવવા બેઠો છે અને આ પંડિત પોતાના પાંડિત્યનું પ્રદર્શન કરતાં ગંગામૈયા પર લાંબુ-ચૌડુ ભાષણ સંભળાવે છે. અને અને કહે છે, 'આવા સુખવરસ ક્યારે ક જ પ્રાપ્ત થતાં હોય છે. તારે પણ ગંગા સ્નાન કરી પવિત્ર થવું જોઇએ...

રૈદાસે કહ્યું- ''પંડિતજી ! હું આ કાર્ય માટે અસમર્થ છું... જો હું ગંગાસ્નાન માટે જઇશ તો મારો પરિવાર ભૂખે મરશે.''

પંડિતજીએ ધંણાથી મોઢું ફેરવ્યું અને કહ્યું- ''તારા જેવા અધમ લોકો ક્યારે આ દુનિયામાં ગંગા-સ્નાનનું પુણ્ય નહીં કમાવી શકે...''

પંડિતના મિથ્યા અહંકારને નષ્ટ કરવા રૈદાસે કહ્યું- ''પંડિતજી ! હું તમારા પંચલ સીવવાનો કાંઇ

પણ દામ નહીં લઇશ. ફક્ત આપ મારું એક નાનકડું કાર્ય કરી આપશો તો આપનો મોટો ઉપકાર થશે.'' રૈદાસ પંડિતજીની ખૂબ ખૂબ અનુમોદના કરી રહ્યો છે. ''તમે ગંગા સ્નાનનું મહાન પુણ્ય કમાવશો. પણ હું અભાગ્યો આ પુણ્ય નથી કમાવી શક્તો.'' પણ આ સોપારી આપું છું તે ગંગામૈયાને સમર્પિત કરજો... પણ રાતે એટલી કે, 'ગંગામૈયા સ્વયં હાથ આગળ આપે તો જ આ સોપારી આપશો અન્યથા નહીં.''પંડિતે ગુસ્સામાં આવીને કહ્યું, '' મૂર્ખ ! આજ સુધી ગંગામૈયાએ કોઇની સામે હાથી નથી પસાર્યો તો શું તારી સોપારી માટે હાથ લાંબો કરશે ?

''પંડિત સોપારી લઇને ત્યાંથી ચાલતો થયો. ગંગા નદીએ પહોંચી ત્યાથી સ્નાન વગેરેથી નિવૃત્ત થઇ હાથમાં સોપારી લઇને બોલ્યો – ''હે ગંગા મૈયા ! હાથ ફેલાવો અને રૈદાસની સોપારી ગ્રહણ કરો.''

તે જ સમયે ગંગામાંથી હાથ બહાર આવ્યો અને એમાંથી અવાજ સંભળાયો, ''ભક્ત રૈદાસની સોપારી મને આપી દો અને કંકણ એને આપી દેજો.''

આ દૃશ્ય જોઇને પંડિત તો ચકિત થઇ ગયો. બહુમૂલ્ય હીરાજડત સુવર્ણ કંકણ જોઇ પંડિતનું મન લલચાયું. અને એણે પોતાના ઘરે પાછું પાછું જવાનો રસ્તો બદલી નાખ્યો.

કહેવાય છે કે, ''જનેં મન મલિન હોય, તેના દ્વારા કરેલી જપ-તપ, દયા-દાન, આદિ ધાર્મિક ક્રિયાઓ નિષ્ફળ છે.''

પંડિત વિચારે છે કે, ''આ કંકણ રાજાને અર્પણ કરીશ. જેથી રાજાની કૃપા વરસશે અને મારો પરિવાર સુખી થશે...

પંડિત કંકણ રાજાને સમર્પિત કરતાં ગંગામાં થયેલી ઘટના કહી સંભળાવી. રાજા પણ આશ્ચર્ય પામ્યા... રાજાએ પંડિતને ૧ લાખ સુવર્ણ મુદ્રા બહુમાન રૂપે આપી.

રાજાએ સુવણ્ કંકણ રાણીને ભેટ આપ્યું, રાણીએ બીજા કંકણની વાત કરી. નગરીમાં જેટલા સોનીઓ હતા બધાને રાજભવનમં બોલાવવામાં આવ્યા. કંકણ બતાડવામાં આવ્યા પણ બધા સોનીઓ એ એક જ જવાબ આપ્યો... આ દૈવીકંકણ લાગે છે. અમે આવા કંકણ બનાવવા અસમર્થ છીએ... તેથી રાજા પંડિતને બોલાવે છે. અને એવું જ બીજું કંકણ લાવવાનો આદેશ આપે છે...

પંડિતની મતિ મુંઝાઇ ગઇ. હવે શું કરવું ? રાજાએ કડક શબ્દોમાં બીજીવાર આદેશ આપ્યો, ત્યારે પંડિત ગંગા નદી તરફ પ્રસ્થાન કર્યું. જઇને ગંગામૈયા ને પ્રાર્થના કરી. ગંગા પ્રગટ થઇને કહ્યું– ''દુષ્ટ ! તને શરમ ન નાવી મેં તને આ કંકણ રૈદાસને આપવાનું કહ્યું હતું. તું રાજાને આપીને તેના પૈસા તારી પાસે રાખ્યા... હમણાંજ રૂપિયા લઇને રૈદાસને આપી આવ. નહીંતર તારું સર્વસ્વ નાશ કરી દઇશ.''

આ વાત સાંભળી જલ્દી ઘરે જઇ પૈસા લઇને પંડિત રૈદાસ પાસે આવ્યો. રૈદાસને બધી હકીકત જણાવી અને પૈસા આપ્યા ત્યારે ભક્ત રૈદાસે કહ્યું– ''પંડિતજી ! હું શ્રમ વિનાનો પૈસો લેતો નથી. આપ જ એનો સ્વીકાર કરો.''

પંડિતે રડતાં રડતાં કહ્યું- ''હું તો માર્યો ગયો. મારા પર ગંગામૈયા પણ રુઠી ગઇ, રાજા પણ રુઠ્યા, અને તું પણ રુઠયો છે''- ''મારા અપરાધને ક્ષમા કર, મારી રક્ષા કર.''

પંડિતનું આક્રંદ સાંભળી રૈદાસનું દયાળં હંદય દ્રવિત થઇ ગયું. પોતાના ચામડાની કથરોટમાં પાણી લીધું- તેને ગંગા માની તેની સ્તુતિ કરી... થોડી જ ક્ષણમાં ગંગામાતા હાથમાં કંકણ લઇને ઉપસ્થિત થયાં... રૈદાસને કંકણ આપી પોતે અદશ્ય થઇ ગયો...

ધર્મનો ાધાર મનની પવિત્રતા છે... જેનું મન નિર્મલ હોય તે વ્યક્તિ દુકાનમાં બેઠો હોય, ઘરમાં હોય, દેશમાં હોય, વિદેશમાં હોય, એકલામાં હોય કે પછી ભીડમાં હોય... હર સ્થાન એનાં માટે તીર્થસ્થળ બની જાય છે.

રૈદાસે એ કંકણ પંડિતને આપી દીધું- પંડિત તો આ બધી પ્રક્રિયા જોઇને સ્તબ્ધ જ થઇ ગયો. અને ભક્ત રૈદાસના ચરણોમાં પોતાનું શીશ ઝુંકાવી દીધું...

''મનનો મેલ કાઢવો ઘણો જરૂરી-ન્હાવા ધોવાથી શું થશે ?''

''જેનું મન વિશુદ્ધ છે તેના ઘરમાં ગંગા છે, અને તેના જીવનમાં પવિત્રતા છે. તેનું જીવન એક મંદિર છે.''

એટલે જ આનંદઘનજી મહારાજાએ પોતાના સ્તવનમાં કહ્યું છે,

'' મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નવિ ખોટી''

મન સારું હશે, પવિત્રતા હશે તો ઘર બેઠા ગંગા છે. એટલે જ કહેવત પડી છે,

''મન ચંગા તો કથરોટ મેં ગંગા.''

## ૨.સફળતાની ચાવી

ધૂની અબ્દુલ....

નગરજનો અબ્દુલને ગાંડો કહેતા હતા... કેમ કે તે પોતાની ધૂનમાં ખૂબ પાકો હતો. દેખાવમાં પણ ખૂબસુરત હતો... એક દિવસ કોઇકે એને કહ્યું કે, ''તું ખૂબસુરત છે'' પણ તું ખલીફાની પુત્રીને તો તારી ખૂબસુરતી સફળ ગણાય.''

અબ્દુલને ધૂન ચઢી ગઇ કે, ખલીફાની પુત્રી સાથે લગ્ન કરવા જ.'' હવે રસ્તે ચાલતાં ચાલતાં પણ એ બોલવા લાગ્યો કે હું ખલીફાની પુત્રીને પરણીને જ રહીશ... લોકો કહે, '' આ ગાંડો થઇ ગયો છે.. એને ગાંડાની હોસ્પિટલમાં મૂકી આવો, પણ અબ્દુલને કોઇની પરવાહ નથી.''

એ બધાને પૂછતો ફરે છે. ''ખલીફાની પુત્રીને પરણવાનો કોઇ ઉપાય છે ?'' એનો દઢ નિર્ણય જોઇ કોઇએ કહ્યું ''ખલીફાથી ન થયું હોય એવું એકસ્ટ્રા ઓર્ડીનર કામ કર તો તારી ઇચ્છા ફળશે...''

અબ્દુલે નગરમાં તપાસ કરાવી કે ખલીફાના ક્યા ક્યા કામો બાકી છે ? અને એને સમાચાર મળ્યા કે ખલીફાના ગામમાં પાણીની ખૂબ તંગી છે, માટે એણે નદીથી ખલીફાના ગામ સુધી એક કેનાલ બાંધવી જરૂરી લાગી. અને એણે કેનાલ બાંધવા જાતે જ ખોદકામ શરૂ કર્યું...

વટે માર્ગુઓ પસાર થતા જાય છે અને અબ્દુલની મશ્કરી કરતાં કહે છે કે, ''ખલીફાના જમાઇ શું કરો છો ?'' કોઇનીપણ પરવાહ કર્યા વગર અબ્દુલ તો પોતાની ધૂનમાં કામ કર્યે જાય છે. હવે ધીમે-ધીમે ગામના માણસોને પણ આ કામમાં લાભ દેખાયો એટલે અનુક્રમે -૫-૨૫-૧૦૦ માણસો કામે લાગી ગયા... વાત ઉડતાં ઉડતાં ખલીફાના કાને પહોંચી કે કેનાલ બની રહી છે એને પણ નવાઇ લાગી કે, ''કેનાલ કોણ બનાવી રહ્યું છે ?'' લોકોને પૂછે છે કે, કેનાલ કોણ બનાવે છે ? શા માટે બનાવે છે ?'' પણ ખલીફાને સ્પષ્ટ જવાબ કેમ અપાય ? લોકો કહે છે, ''આપ જાતે જ પધારી તપાસ કરો.''

વેશ પરિવર્તન કરી ખલીફા ત્યાં પહોંચે છે. કામ કરનારને પૂછે છે, ''તમારો હેડ કોણ છે ?'' લોકોએ અબ્દુલ તરફ આંગળી ચીંધી. એ પણ ખોદવાના કામમાં મસ્ત હતો... ખલીફાએ એને બોલાવ્યો અને પૂછ્યું, ''તે શા માટે કેનાલ બનાવવાનું નક્કી કર્યું..''

અબ્દુલ પાસે તો દીવા જેવી સ્પષ્ટ વાત જ હતી. એણે કહ્યું, ''મારે ખલીફાની પુત્રીને પરણવું છે. હું કાંઇક વિશિષ્ટ કાર્ય કરું તો ખલીફા પોતાની પુત્રી પરણાવે.''

આ કેનાલ બનાવવામાં તો ત્રણ ફાયદા છે. : 'ખલીફાનું કામ પણ થાય... ગામના લોકોને પણ પાણીની સુવિધા થાય અને મારું પણ કામ થાય.' તેની વાત સાંભળી ખલીફાએ તેને સ્પેશ્યલ મુલાકાતે બોલાવ્યો. એની ધગશ અને ધૂનથી પ્રભાવિત થઇ પોતાની પુત્રી પરણાવી...

માણસને ધૂન ચડે છે ત્યારે તેનામાં તે જ અને કૌવત પ્રગટે છે. આજ સુધી જેઓએ સફળતા મેળવી છે તે આવી ધૂનથી જ મેળવી છે...

**''કાર્ય પ્રત્યે ધૂન એ જ સફળતાની ચાવી છે.''**

## ૩. એક હતી નગરી...

ત્યાં વસતા હતા ધર્મદાસ શેઠ જેવું નામ એવા ગુણ. ધર્મના તો એ દાસ હતા. ધર્મમય જીવન જીવી રહ્યા હતા.... હવે એમને તીર્થયાત્રા કરવાના ભાવ જાગ્યા. તેથી પત્નીને છોડીને પોતે તીર્થયત્રા કરવા નિકળ્યા... પરંતુ પત્ની એમની પાછળ પાછળ આવવા લાગી...

માર્ગમાં આગળ વધતાં શેઠે એક સ્થળ જોયું... ત્યાં કેટલાક રત્નો પડ્યા હતા... શેઠ વિચારવા લાગ્યા- 'આ રત્નો ઉપર માટિ નાંખી દઉં જેથી પાછળ આવતી પત્નીની એના ઉપર નજર ન પડે. શેઠ થોડી માટી ભેટી કરી રત્નોપર નાંખવા લાગ્યા. ત્યાં તો પત્ની આવી પહોંચી.

આ શું કરો છો ? પત્નીએ પ્રશ્ન કર્યો પણ શેઠે કશો જવાબ ન આપ્યો તેથી પત્નીને શંકા ગઇ. એણે પગથી માટિ ખસેડિ ત્યાં તો અંદર રહેલા રત્નો ઝગારા મારવા લાગ્યા... પત્ની બોલી ઉઠી- ''હજી પણ તમારા મનમાં રત્નો અને માટિમાં તફાવત છે... આવું હોય તો ઘર કેમ છોડ્યું ?''

ધર્મદાસ શેઠ કશું જ ન બોલ્યા-મૌન રહ્યા. ખરેખર ધર્મ કરવા જતાં પહેલા બુદ્ધિ નિર્મળ બનાવવી રહી... અન્યથા ધર્મમાં વિકાસ થતો નથી...

# CHILDREN'S CORNER

## Arrogance

The few moments found between birth and death only is that life. The jīvas since birth keep dreaming new-new dreams...If you get the company of puṇya-auspiciousness the dreams come true...succeed...But, sometimes the rise of sin does not allow even our ordinary dreams to come true. The life of jīva stuck in puṇya (virtue-success) and pāpa (sin-failure) sometimes feels frustrated in failure, or sometimes becomes arrogant-stubborn due to pride in success. But he does not even realize in his dream that by becoming proud for the things attained through virtue...by arrogance that thing becomes rare in the next life...if one gets it becomes inferior-abject...

Let us look at our lives...somewhere is such arrogance... haven't we become mad in such pride?

From rising of puṇya we get beauty...
From rising of puṇya we get prosperity-growth...
From rising of puṇya we get achievement-yield...
From rising of puṇya we get knowledge...

Just on getting something, it should not make you feel happy. After obtaining the thing, it needs strength to digest it...If it does not have strength to digest, then it becomes indigestible...the thing becomes harmful instead of benefitting us...that is why the great men have shown wonderful principles. The acquisition of knowledge is a tool; the end-objectivism is only the decay and subsidence of Mohanīya karma. If knowledge does not decay or alleviate the Mohanīya karma then this knowledge is ignorance. Such knowledge can never do well to the soul...

The voice (sound) of the Jinèśvara Paramātmā's triumphant rule is calling us...Human! Wake up from the sleep of fascination-infatuation...make the most of these moments of life...once it goes out of hand it is difficult to get it again...

After getting triumphant regime...knowingly-unknowingly if trapped in the infatuation we lose despite getting the thing and those jiva who got out of infatuation then found the path of soul-welfare. In life what did you get? You didn't get? It doesn't matter and is not important but how much self-welfare you attained? Through this is only conceivable. What are the types of arrogance-intoxications and how the jīva trapped in it

got out, this beautiful thing has been explained by Kalikāla Sarvajña Hèmacaṅdrācārya Mahārāja.
Come on! We try to understand.

जातिलाभकुलैश्वर्यबलरुपतप: ।
कुर्वन मदं पुनस्तानि हीनानि लभते जन: ।।

**Jātilābhakulaiśvaryabalarupatapa: |**
**Kurvana madaṁ punastāni hīnāni labhatè jana: ||**

**-Hèmacaṅdrācārya**

**Meaning:** Caste, benefit, dynasty, wealth, strength, form-appearance, penance and knowledge; arrogance-intoxication of these eight things, in next birth these are obtained inferior in life...jīva gets weaker things...||

## Caste – Arrogance

**To be proud that I am of the best caste...be haughty...be mad that is called caste-arrogance.**
Due to this caste-arrogance muni Harīkèśī was born in the cāṅḍāḷa clan (kuḷa).

Looking at our lives today, we realize that there is something less...some deficiency in our life than our ancestors...than the people around us... than your loved ones...
Some people are more beautiful than us...we see flaws in our appearance...we are trying to get the best look...the beauty parlor seen in every street today shows that our look is not what we want....

Sometimes we see a defect in strength ...we are weak...others seem to be strong...how many powders-lick the jīva eats to get strength...how many tonic pills we eat...tonics we drink...somewhere we go to exercise...go to Yoga...when winter comes we eat almond pāka...sālama pāka and aḍadiyā pāka and struggle to get strength...
Somewhere seeing someone fast for one month (māsakṣamaṇa), he assumes to do it himself, but in one fast he loses his nerve...he can never move forward in penance...

In the study of scriptures...there is a lot of hard work in memorizing the verses, but the result is zero...even if there is will-there is effort yet there is a failure...
All this things are seen, heard and experienced in daily practice but we have never tried to find the reasons behind all these happenings... Parama Pūjya Hèmacaṅdrācārya reveals the secret of all this here. Before becoming arrogant for any kind of pride one must think about what will be its consequences?

## Benefit-Arrogance (Lābha Mada)

**To be proud of gaining power and wealth...to be foppish-dandyish about riches...to keep pride that is called benefit-arrogance...**
Koṇika and Cakravartī Subhūma built power arrogance due to which they lost their lives

and got into misery-trouble...

Today, the arrogance of power is seen at every step. Koṇika's arrogance of power was such that he became arrogant and fought war with King Cèḍā, the supreme worshiper of Lord Mahāvīra, in which millions of human beings were killed. Once Prabhu Mahāvīra told him that he would go to the sixth hell in the afterlife at the end of his life, he said proudly, "Why should I have the sixth hell? Not the seventh?"

The reason for the vile mood of Koṇika who once had taken out a splendid procession of Prabhu Mahāvīraswāmī was arrogance of power-benefit.

In such a conceit, many jīva forget the way. It binds that karma which should not be bound...

Subhūma was Cakravartī...was the lord of 6 continents...

Fourteen gems were present...16000 gods were present in the service...yet what was the result of conceit?

**सुभूम नामे आठमो चक्री, कर्मे सायर नांख्यो,**
**सोळ सहस यक्षे उभां दीठो, पण कीणही नवि राख्यो...**

**Subhūma nāmè āṭhamo cakrī, karmè sāyara naṅkhyo,**
**Soḷa sahasa yakṣè ubhāṁ dīṭho, paṇa kīṇahī navi rākhyo...**

**Meaning:** Simultaneously the 16000 gods thought of leaving the 'carma ratna' on the ocean and Cakravartī Subhūma became partner in the misfortune of drowning in the sea...

King of Laṅkā also became proud of his wealth and power that he got from virtue and, lord of Laṅkā went to hell. Do we want to prevent ourselves from such misfortune? ...do we want to move towards sadagati? ...so in order not to fall prey to any such conceit, constant awareness... caution is needed.

No one's pride, arrogance or conceit has lasted...it has never moved a jīva towards good fortune.

# જ્ઞાન સુધારસ પીજે

પ્રશ્ન- ૧ હે ભગવન્ ! સંવેગ ભાવથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર - સંવેગથી અનુત્તર -તીવ્ર ધર્મશ્રદ્ધા ઉત્પન્ન થાય છે. ઉત્કૃષ્ટ ધર્મશ્રદ્ધાથી સંવેગ (મોક્ષની અભિલાષા) ઉત્પન્ન થાય છે. સંવેગથી અનન્તાનુબન્ધી ક્રોધ-માન-માયા લોભનો ક્ષય થાય છે. તેમજ નવા કર્મબન્ધ થતા નથી... કર્મબન્ધનના નિમિત્તરૂપ મિથ્યાત્વની વિશુદ્ધિ કરીને જીવ ક્ષાયિક સમ્યક્ત્વનો આરાધક બને છે. સમ્યગ્દર્શનના વિશુદ્ધિથી કોઇ જીવ એ જ ભવમાં અથવા ત્રીજા ભવમાં સિદ્ધ-બુદ્ધ-મુક્ત થાય છે....

પ્રશ્ન- ૨ હે ભગવન્ ! નિર્વેદ સે જીવને શું લાભ થાય છે ?

ઉત્તર - નિર્વેદથી જીવ દેવ-મનુષ્ય અને તિર્યંચ સંબંધી સર્વ પ્રકારના કામભોગોથી શીઘ્ર નિર્વેદ પામે છે... સર્વ પ્રકારના વિષયોથી વિરક્ત થાય છે. વિષયોથી વિરક્ત થતો જીવ આરંભ-પરિગ્રહનો ત્યાગ કરે છે... આરંભ-પરિગ્રહનો ત્યાગ કરતો જીવ સંસાર માર્ગ એટલે જ ભવ પરંપરાનો નાશ કરે છે... મોક્ષ માર્ગનો પથિક બને છે...

પ્રશ્ન ૩ - હે ભગવન્ ! ધર્મશ્રદ્ધાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- ધર્મશ્રદ્ધાથી શાતાવેદનીયના ઉદયથી પ્રપ્ત થતા સુખોથી જીવ વિરક્ત થાય છે... સુખોથી વિરક્ત થવાથી ગૃહસ્થ ધર્મનો ત્યાગ કરે છે... સાધુ થઇને શારીરિક-માનસિક દુઃખોનું છેદન-ભેદન કરે છે. સંયોગ-વિયોગજન્ય દુઃખોનો નાશ કરી અવ્યાબાધ મોક્ષ સુખને પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન - ૪. હે ભગવન્ ! ગુરુજન અને સાધર્મિકોની સેવા-શુરૂષાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- ગુરુજન અને સાધર્મિકોની સેવા-કરવાથી જીવ વિનય ગુણની પ્રાપ્તિ કરે છે... વિનયગુણથી આશાતનાનો ત્યાગ કરે છે. નારકી-તિર્યંચ-મનુષ્ય-દેવ સંબંધી દુર્ગતિઓનો નિરોધ કરીને સદ્ગતિનો બન્ધ કરે છે. સિદ્ધિ-સુગતિ અને મોક્ષના કારણભૂત સ.જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી મોક્ષ માર્ગની વિશુદ્ધિ કરે છે... વિનય મૂલક પ્રશસ્ત સર્વ ઉત્તમ કાર્યોને સિદ્ધ કરે છે. અનેક અન્ય જીવોને પણ વિનયવાન કરે છે...

પ્રશ્ન - ૫. હે ભગવન્ ! આલોચનાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- ગુરુની સમક્ષ પોતાના દોષોને પ્રકાશિત કરી આલોચના કરવાથી મોક્ષ માર્ગનો ઘાત (નાશ) કરનાર અને અનંત સંસારને વધારનાર માયા-નિદાન અને મિથ્યાત્વ ત્રણે શલ્યોને હૃદયમાંથી દૂર ફેંકે છે - કાઢે છે અને સરળ ભાવોને પ્રાપ્ત કરે છે. આવા સરળ ભાવને પામેલો જીવ માયા-કપટ રહિત થાય છે. માયા-કપટ રહિત જીવ સ્ત્રીવેદ અને નપુંસક વેદનો બંધ કરતો નથી.

કદાચિત બંધ થઇ ગયો હોય તો એની નિર્જરા કરે છે.

પ્રશ્ન- ૬. હે ભગવન્ ! આત્મનિન્દાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- પોતાના દોષોની નિંદા કરવાથી જીવને પશ્ચાતાપ થાય છે. પશ્ચાતાપથી જીવને વૈરાગ્ય થાય છે. વૈરાગ્યથી જીવ ક્ષપક શ્રેણી ઉપર આરૂઢ થાય છે. ક્ષપક શ્રેણીપર આરૂઢ અણગાર મોહનીય કર્મનો ક્ષય કરે છે. મોહનીય કર્મનો ક્ષય કરવાથી મોક્ષને પામે છે.

પ્રશ્ન- ૭. હે ભગવન્ ! આત્મગર્હાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- આત્મગર્હાથી  અપુરસ્કાર ભાવની (ગર્વ ત્યાગ) પ્રાપ્તિ થાય છે... આત્મ-નમ્રતા પ્રાપ્ત થાય છે. આત્મ-નમ્રતા પ્રાપ્ત જીવ અપ્રશસ્ત-અશુભ યોગોથી નિવૃત્ત થાય છે. પ્રશસ્ત-શુભ યોગમાં પ્રવૃત્ત થાય છે. આવો અણગાર અનંત જ્ઞાન-દર્શનાદિનો ઘાત કરનાર કર્મ પર્યાયોનો ક્ષય કરે છે.

પ્રશ્ન-૮. હે ભગવન્ ! સામાયિક કરવાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર-સામાયિક કરવાથી જીવની સાવદ્યયોગોથી નિવૃત્તિ થાય છે.

પ્રશ્ન-૯. હે ભગવન્ ! ચોવિસ તીર્થંકરોની સ્તુતિ નામ સહિત ગુણ નિર્તન કરવાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- ચોવિસ તીર્થંકરોની સ્તવના કરવાથી દર્શન-સમ્યક્ત્વની શુદ્ધિ થાય છે.

પ્રશ્ન-૧૦. હે ભગવન્ ! ગુરુ ભગવંતને વંદન કરવાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- ગુરુ ભગવંતને વંદન કરવાથી નીચ ગોત્ર કર્મનો ક્ષય થાય છે... ઉચ્ચ ગોત્ર કર્મનો બંધ થાય છે. અખંડ સૌભાગ્ય અને સફળ આજ્ઞાના ફળને પ્રાપ્ત કરે છે... દાક્ષિણ્ય ભાવને પ્રાપ્ત કરે છે... લોકમાં પ્રિતીપાત્ર અને માન્ય બને છે...

પ્રશ્ન-૧૧. હે ભગવાન્ ! પ્રતિક્રમણ કરવાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર-પ્રતિક્રમણ કરવાથી વ્રતોમાં લાગેલા છિદ્રોને બંદ કરે છે. વ્રતોમાં લાગેલા દોષોથી નિવૃત્ત બની શુદ્ધ વ્રતધારી જીવ આશ્રવોનો નિરોધ કરીને (રોકીને) શબલાદિ દોષોથી રહિત શુદ્ધ સંયમી બની આઠ પ્રવચન માતામાં સાવધાન બને છે... અપૃથકત્વ સંયમમાં લીન બની સમાધિપૂર્વક વિચરે છે...

પ્રશ્ન-૧૨. હે ભગવન્  ! કાયોત્સર્ગથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર-કાયોત્સર્ગ કરવાથી ભૂતકાળ તથા વર્તમાન કાળના દોષોનું પ્રાયશ્ચિત કરીને જીવન-શુદ્ધ થાય છે. જેવી રીતે બોજ ઉતરી જવાથી મજુર સુખી થાય છે એ જ પ્રકારે પ્રાયશ્ચિતથી શુદ્ધ થયેલો જીવ શાન્ત હૃદયવાળો થઈને  શુભ ધ્યાને ધ્યાતો થકો સુખપૂર્વક વિચરે છે...

પ્રશ્ન-૧૩. હે ભગવન્ ! પ્રત્યાખ્યાનથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- પ્રત્યાખ્યાન કરવાથી આશ્રવદ્વારોનો નિરોધ થાય છે... પ્રત્યાખ્યાનથી ઇચ્છાનો નિરોધ થાય છે. ઇચ્છાનો નિરોધ થવાથી જીવ સર્વ પદાર્થોમાં તૃષ્ણારહિત બની પરમ શાંતિમાં વિચરે છે.. પરમ શાંતિને અનુભવે છે...

પ્રશ્ન-૧૪. હે ભગવન્ ! સ્તવ-સ્તુતિ-મંગલથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- સ્તવ-સ્તુતિ-મંગલથી જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ બોધિલાભની પ્રાપ્તિ થાય છે....બોધિલાભને પ્રાપ્ત જીવ કલ્પ વિમાનોમાં ઉચ્ચ જાતિનો દેવ બને છે. જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના કરતો જીવ ક્રમશઃ મોક્ષને પામે છે....

પ્રશ્ન-૧૫. હે ભગવન્ ! કાલ પ્રતિલેખના (સ્વાધ્યાય સમયના જ્ઞાન) થી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર-કાલ પ્રતિલેખનાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે.

પ્રશ્ન-૧૬. હે ભગવન્ ! પ્રાયશ્ચિત કરવાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- પ્રાયશ્ચિત કરવાથી જીવના પાપ કર્મોની શુદ્ધિ થાય છે. જીવ નિરતિચાર બને છે. સમ્યક્ પ્રકારે પ્રાયશ્ચિત ગ્રહણ કરતો જીવ માર્ગ અને માર્ગના ફળને શુદ્ધ કરે છે... ક્રમથી તે ચારિત્ર અને મોક્ષને પામે છે...

પ્રશ્ન-૧૭. હે ભગવન્ ! ક્ષમાપનાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- અપરાધની ક્ષમા યાચના કરવાથી ચિત્ત અલ્હાદભાવને પામે છે... અલ્હાદભાવ ચિત્તની પ્રસન્નતા આપે છે. પ્રસન્નતા પ્રાપ્ત જીવ સમસ્ત પ્રાણીમાત્રની સાથે મૈત્રીભાવ ઉત્પન્ન કરે છે. મૈત્રીભાવને પ્રાપ્ત થયેલો જીવ પોતાના ભાવોની શુદ્ધિ કરીને નિર્ભય બને છે....

પ્રશ્ન-૧૮. હે ભગવાન્ ! સ્વાધ્યાય કરવાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- સ્વાધ્યાય કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે.

પ્રશ્ન-૧૯. હે ભગવન્ ! વાચનાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- વાચનાથી નિર્જરા (કર્મક્ષય) થાય છે. શ્રુતના અનુવર્તનથી શ્રુતની આશાતના થતી નથી. આશાતના રહિત જીવને ધર્મતીર્થનું આલંબન પ્રાપ્ત થાય છે. તેથી જીવ કર્મોની મહાનિર્જરા કરે છે અને (મહાનિર્જરાથી) સુખોને પ્રાપ્ત કરે છે...

પ્રશ્ન-૨૦. હે ભગવન્ ! પ્રતિપૃચ્છનાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- પ્રતિપૃચ્છનાથી જીવ સૂત્ર-અર્થ અને સૂત્રાર્થ બન્નેને શુદ્ધ કરે છે. અને કાંક્ષા મોહનીય કર્મ નાશ કરે છે.

પ્રશ્ન-૨૧. હે ભગવન્ ! પરિવર્તનાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- પરિવર્તના (પરાવર્તના) થી ભૂલાયેલા સૂત્રો યાદ થાય છે. અને અક્ષર -લબ્ધિ પદ લબ્ધિ ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન-૨૨. હે ભગવન્ ! અનુપ્રેક્ષાથી જીવને શું લાભ થાય છે ?

ઉત્તર- અનુપ્રેક્ષાથી આયુષ્યકર્મ સિવાય સાત કર્મની પ્રકૃતિ જો ગાઢ બાંધી હોય તો તેને શિથિલ કરે છે... દીર્ઘ કાળની સ્થિતિને અલ્પ કાળ વાળી કરે છે... તીવ્રરસવાળી પ્રકૃતિઓ મંદ રસવાળી કરે છે. બહુ પ્રદેશવાળી હોય તો એને અલ્પ પ્રદેશવાળી કરે છે... આયુષ્ય કર્મનો બંધ થાય અથવા ન પણ થાય... અશાતા વેદનીય કર્મનો બંધ વારંવાર ન થાય આવો જીવ આ અનાદિ અનંત-દીર્ઘ માર્ગવાળા ચાર ગતિમય સંસાર અટવીને શીઘ્ર પાર કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે...

# ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૨૦)

જૈન દર્શનના સામાન્ય જ્ઞાનથી આધારીત પ્રશ્નો બે વિભાગમાં ''ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા'' અંતર્ગત મૂકવામાં આવ્યા છે. પ્રશ્નો બરાબર વાંચીને મોડામાં મોડા **૧૫ જાન્યુઆરી-૨૩** સુધી નીચેના સરનામે મોકલવાના રહેશે. પ્રથમ ત્રણ વિજેતાને **રૂા. ૧૫૦, રૂા. ૧૦૦** અને **રૂા. ૭૫**ના ઇનામો મોકલવામાં આવશે. તથા **બધા સ્પર્ધકોના નામ આગામી અંકમાં છાપવામાં આવશે.** નીચેના સરનામે સ્પર્ધાના જવાબો મોકલાવશો.

**'' ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા -(૧૨૦) ''**

shilpaajani1@gmail.com *પર ઈ-મેઈલ કરો. અથવા* whatsapp Mo. 98211 13338

## ''ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૧૯)''

**I નીચેના પ્રશ્નોના જવાબ લખો : -**

**૧. કર્મ નિર્જરા શેનાથી થાય ?**
**૨. શ્રી આદિનાથ પ્રભુએ નિર્વાણ સમયે કેટલા ઉપવાસ કર્યા હતા ?**
**૩. દ્વાદશાંગીમાંથી ક્યા અંગ ના બે નામ છે ? તે નામ લખો ?**
**૪. વીશ સ્થાનકમાં ચતુર્થ પદ ક્યું છે ? એની આરાધનાથી કોણ તીર્થંકર થશે ?**
**૫. અકંપિત ગણધરને શું શંકા હતી ?**
**૬. શ્રી પાર્શ્વનાથ ભ. ના આઠમા ગણધર કોણ હતા ?**
**૭. શ્રી વર્ધમાન તપનો અધિકાર ક્યા આગમમાં છે ?**
**૮. કઈ લબ્ધિથી ગૌતમસ્વામીએ ૧૫૦૦ સાધુ ભગવંતોને પારણું કરાવ્યું ?**
**૯. ભદ્ર બાહુસ્વામીનો યુગપ્રધાન પર્યાય કેટલા વરસનો હતો ?**
**૧૦. કૃષ્ણ મહારાજાએ પદ્મોત્તર રાજાને ક્યા રૂપથી જીત્યો ?**
**૧૧. ઉત્સર્પિણી કાળના ચોથા આરાનું નામ શું છે ?**
**૧૨. ભક્તામરની કેટલામી ગાથામાં પ્રભુજીને દીપકની ઉપમા આપવામાં આવી છે ?**
**૧૩. ભોજન આપનાર કલ્પવૃક્ષનું નામ શું છે ?**
**૧૪. ઈન્દ્રભૂતિની દીક્ષા ક્યા ઉદ્યાનમાં થઈ ?**
**૧૫. આત્માના અગુરુલઘુ ગુણને આવરનાર કર્મ કયું છે ?**

૧૬. અગિયાર અંગ ઉપર નિર્યુક્તિઓ કોણે રચિ છે ?

૧૭. બીજા ઉદયના અગિયારમાં યુગપ્રધાન કોણ થયા ?


૧૮. સુંદરીના કારણે પર્યુષણ દરમ્યાન કરાતું કયું તપ પ્રસિદ્ધિ પામ્યું ?

૧૯. વર્તમાનમાં બિરાજમાન પ્રાચીનતમ બે પ્રતિમા જાણાઓ...


૨૦. નળરાજના વિયોગમાં દમયંતીએ કયું તપ કર્યું હતું ?

II યોગ્ય જવાબ સાથે કોઠો પૂરો-


A એક નિધાન, એક તપ ભેદ





B દ્વાદશાંગીમાંથી એક
એક શ્રુતજ્ઞાન ભેદ





C એક લબ્ધિ
એક મતિજ્ઞાન ભેદ





D એક કઠિયો, એક અંગ સૂત્ર





E ભ. મહાવીરસ્વામિએ કરેલ એક તપ, નવનિધિમાંથી એક નિધિ.




F એક કાઠિયો, એક યતિધર્મ




G એક પૂર્વ, કષાય ભેદ




H અષ્ટ મહાસિદ્ધિમાં બે

